


સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૮, અંક : ૫૧, સળંગ અંક : ૯૧૫, તારીખ : ૧૫-૦૫-૨૦૧૭, સોમવાર, કિંમત રૂા. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ

(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ''બલરામ મંદિર પરીસર'', સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 15/05/2017, RMS G'nagar, Valid up to 31/12/19

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ૧૩મા રાજ્યવ્યાપી કૃષિ મહોત્સવ-૨૦૧૭નો નડિયાદથી કરાવ્યો પ્રારંભ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ખેડા જિલ્લાના નડિયાદ ખાતે ૧૩મા રાજ્યવ્યાપી કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે રાજ્યના ખેડૂતોની આગવી કોઠાસુઝ, ખેતીમાં નીત નવા પ્રયોગોને પરિણામે ગુજરાતે ૧૧ ટકા જેટલો કૃષિ વિકાસ દર જાળવી રાખ્યો છે. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ ખેડા જિલ્લામાં રૂા. ૧૭૮ કરોડના ખર્ચે શેઢી સિંચાઈ યોજનાની કેનાલોની મરામત કામગીરી હાથ ધરવાની જાહેરાત કરી હતી. શેઢી કેનાલમાં હાલમાં ૬૦૦ ક્યુસેક પાણીની વહન ક્ષમતા છે. જે મરામત બાદ ૧૮૦૦ ક્યુસેક એટલે કે ત્રણ ગણી થશે. જેનો લાભ ખેડા જિલ્લાના ખેડૂતોને મળશે.



મુખ્યમંત્રીશ્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે રાજ્યના ખેડૂતોએ સુક્ષ્મ પિયત સિંચાઈ પદ્ધતિઓ અપનાવી સિંચાઈના પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરી ''પર ડ્રોપ મોર ક્રોપ''ના સુત્રને સાચા અર્થમાં સાર્થક કરી ઓછા ખર્ચે વધુ પાક ઉત્પાદન મેળવી આર્થિક સમૃદ્ધિ મેળવી છે.

મુખ્યમંત્રીશ્રીએ ખેડા આણંદ જિલ્લાના બે પ્રગતિશીલ ખેડૂતોને રૂા. ૭૫ હજારના સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર તથા ૦૫ ખેડૂતોને જિલ્લા કક્ષાના આત્મ એવોર્ડ, પશુપાલન વિભાગ દ્વારા યોજાયેલ દૂધ હરિફાઈના વિજેતાઓને ચેક વિતરણ કરવા સાથે ૧૨ લાભાર્થીઓને રૂા. ૧૨ લાખના ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનાના ચેકનું વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ખેતીવાડી શાખાની વિવિધ યોજનાઓના પૂર્વ મંજુરી પત્રો અને ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને ગેસ કીટનું વિતરણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ ઈ-સાહિત્ય, કૃષિ જ્ઞાન સંપૂટ-૨૦૧૭નું વિમોચન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા પ્રશાસન દ્વારા તૈયાર કરવામાં આવેલ મારી નગરપાલિકા પારદર્શક નગરપાલિકા મોબાઈલ એપનું લોન્ચીંગ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જબુગામ, ગોધરા અને આણંદમાં નિર્માણ થયેલ વિવિધ ભવનોનું લોકાર્પણ કરવા સાથે ખેડા જિલ્લામાં છ આયુર્વેદિક દવાખાના તથા વાવડી અને ચેતરસુંબામાં જેટકો દ્વારા નિર્માણ થયેલ ૬૬ કે.વી. સબસ્ટેશનોનું લોકાર્પણ કર્યું હતું. ખેડા જિલ્લાની વિવિધ સંસ્થાઓ દ્વારા મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાં રૂા. ૯.૧૫ લાખના ચેક મુખ્યમંત્રીશ્રીને અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીનું વિવિધ સમા સંગઠનો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. ખેડૂતોના પાકને રોઝડા, ભૂંડાના ત્રાસથી બચાવવા માટે રાજ્ય સરકારે ચાલુ વર્ષે ખેડૂતોના ખેતર ફરતે તારની વાડ માટે રૂા. ૭૫૦ કરોડની બજેટમાં જોવાઈ કરવામાં આવી હોવાનું

અનુ. પાના ૫ પર

**તા.૬ મે થી પ્રારંભ કરીને કુલ ૧૮ સ્થાનો ઉપર જીલ્લાના વહીવટી તંત્ર અને કૃષિ ખાતા દ્વારા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આજ સુધી તા. ૧૬-૫-૨૦૧૭ સુધી ૧૦ કાર્યક્રમો યોજાયા છે ● આગામી કૃષિમહોત્સવના કાર્યક્રમો**

| નં. | સમાવિષ્ટ જીલ્લાઓ | તારીખ | વાર | કાર્યક્રમનું સ્થળ | પ્રભારી મંત્રીશ્રી |
|---|---|---|---|---|---|
| ૦૧. | વડોદરા, છોટાઉદેપુરા | ૧૮-૫-૨૦૧૭ | ગુરુવાર | છોટાઉદેપુર | ૧. શ્રી નીતીનભાઈ પટેલ, વડોદરા<br>૨. શ્રી શબ્દશરણભાઈ તડવી, છોટાઉદેપુર |
| ૦૨. | રાજકોટ, મોરબી | ૧૯-૫-૨૦૧૭ | શુક્રવાર | — | ૧. શ્રી નીતીનભાઈન પટેલ - રાજકોટ<br>૨. શ્રી રોહિતભાઈ પટેલ - મોરબી |
| ૦૩. | પાટણ, બનાસકાંઠા | ૨૦-૫-૨૦૧૭ | શનિવાર | ડીસા | ૧. શ્રી કેશાજી ચૌહાણ - પાટણ<br>૨. શ્રી દિલીપભાઈ ઠાકોર - બનાસકાંઠા |
| ૦૪. | વલસાડ | ૨૧-૫-૨૦૧૭ | રવિવાર | ધરમપુર | ૧. શ્રી ગણપતભાઈ વસાવા - વલસાડ |
| ૦૫. | દાહોદ | ૨૨-૫-૨૦૧૭ | સોમવાર | દાહોદ | ૧. શ્રી પ્રદિપસિંહ જાડેજા - દાહોદ |
| ૦૬. | સુરેન્દ્રનગર | ૨૩-૫-૨૦૧૭ | મંગળવાર | વઢવાણ | ૧. શ્રી આત્મારામભાઈ પરમાર - સુરેન્દ્રનગર |
| ૦૭. | અમદાવાદ | ૨૫-૫-૨૦૧૭ | ગુરુવાર | બાવળા | ૧. શ્રી શંકરભાઈ ચૌધરી - અમદાવાદ |
| ૦૮. | નવસારી, ડાંગ | ૨૬-૫-૨૦૧૭ | શુક્રવાર | વાંસદા | ૧. શ્રી ઈશ્વરસિંહ પટેલ - નવસારી<br>૨. શ્રી ગણપતભાઈ વસાવા - ડાંગ |






**● શેઢી સિંચાઈ યોનજાની કેનાલોની રૂા. ૧૭૮ કરોડના ખર્ચે મરામત કરાશે. ● ગુજરાતે ૧૧ ટકા કૃષિ વિકાસ દર જાળવી રાખ્યો છે. ● ખેડૂતોના પાક સંરક્ષણ માટે રૂા. ૭૫૦ કરોડની જોગવાઈ ● સરકારે વધુ ૫૦ હજાર મેટ્રીકટન તુવેર ખરીદવાનો નિર્ણય કર્યો છે. ● ખેડૂતોની આવક બમણી થાય તે દિશામાં સરકાર પ્રયત્નશીલ. ● સિંચાઈના પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરી ખેડૂતોએ પર ડ્રોપ મોર ક્રોપના સૂત્રને સાર્થક કર્યું છે.**

## સાપ્તાહિક સુવિચાર

**ભૂલ કરવી એ ગુનો નથી, પણ તે ધ્યાનમાં આવી જાય પછી એને સુધારવી નહીં તે ગુનો છે.**

# બાગાયતી પાકથી ૧૫ કરોડનું ઉત્પાદન મેળવે છે મહેરપુરા...

હિંમતનગર તાલુકાના નાનકડા મહેરપુરા ગામે બાગાયતી ખેતીમાં મોટી સિધ્ધિ હાંસલ કરી છે. માત્ર ૭૫ પરિવાર ધરાવતું ગામ અધધધ કહી શકાય તેટલું બાગાયત પાકોમાંથી રૂા. ૧૫ કરોડનું ઉત્પાદન મેળવે છે. શીયા મોમીનની મહત્તમ વસતી ધરાવતા ગામનું પ્રત્યેક પરિવાર સરેરાશ રૂા. ૨૦ લાખની આવક મેળવે છે.

હિંમતનગરથી ૨૦ કિમી દૂર આવેલા મહેરપુરા ગામનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ૫૨૮ની જનસંખ્યામાં ૮૮ નાના અને ૫૦ મોટા મળી કુલ ૧૩૮ ખેડૂતો છે. ૪૩૧ હેક્ટરનો કુલ વિસ્તાર પૈકી ૩૦૦ હેક્ટર ડ્રીપ ઈરીગેશન છે. અહીંના ખેડૂતોએ પાક પરિવર્તન સાથે અધ્યતન ખેતી પદ્ધતિ, પાણીનો કરકસર પૂર્ણ ઉપયોગ અને કૃષિક્ષેત્રે થયેલા સંશોધનોનો ખેતરોમાં અજમાવ્યા છે. ગામમાં દાડમનું મહત્તમ ઉત્પાદન છે. ૧૪૦ હેક્ટરમાં દાડમના વાવેતર ખેડૂતોની આર્થિક કાયાપલટ કરી છે. હેક્ટર દીઠ ૧૬ મે. ટનના ઉત્પાદન સાથે કુલ ૨૨૪૦ મે. ટન દાડમનું ઉત્પાદન થાય છે. દાડમના ઉત્પાદન સાથે સંકળાયેલા રફીકભાઈ પટેલ કહે છે કે, અહીં બેઠા બેઠા દાડમ અમદાવાદ - દિલ્હીના બજારમાં વેચાય છે. પ્રતિ કિલોએ રૂા. ૮૦ના ભાવે દાડમ વેચાય છે. હું પહેલા ધાન્ય પાકોની ખેતીર કરો હતો, પણ દાડમે મારી સમૃદ્ધિ વધારી છે. સમગ્ર ગામમાં દાડમના પાકની કુલ આવક રૂા. ૧૪ કરોડને આંબી ગઈ છે. દાડમ ઉપરાંત ૩૦ હેક્ટરમાં ટેટી, ૨૦ હેક્ટરમાં તરબૂચ, ૩૦ હેક્ટરમાં સરગવાનું વાવેતર થાય છે. જ્યારે ૧૨ હેક્ટરમાં બટાકા, ૧૩ હેક્ટરમાં મોસંબી, ૧૦ હેક્ટરમાં ચીકુ, ૩ હેક્ટરમાં જામફળ, ૨૦ હેક્ટરમાં વરિયાળી અને ૨૨ હેક્ટરમાં શાકભાજીનું વાવેતર કરાય છે. આમ કુલ ૩૦૦ હેક્ટરમાં બધા પાકોનું મળી કુલ ૫૨૪૩ મે.ટનનું ઉત્પાદન થાય છે.



**મહેરપુરા પર મહેર ગામના ૧૩૮ ખેડૂતોએ ૧૪૦ હેક્ટરમાં દાડમનું વાવેતર કરી આર્થિક કાયાપલટ કરી છે.**

સાબરકાંઠા બાગાયત નિયામક જે.કે. પટેલના જણાવ્યાનુસાર, અહીં ધાન્ય પાકોની ખેતીનું ચલણ હતું. પરંતુ બાગાયત પાકોની સમજ, ખેતી પ્રક્રિયા અને બજારભાવની અપાયેલી સમજના પગલે અહીંના ખેડૂતો બાગાયતી વાવેતર તરફ વળ્યા છે. હાલ ગામ રૂા. ૧૫ કરોડનું ઉત્પાદન મેળવે છે. દાડમ બહુ વર્ષાયુ ફળ હોઈ આવક માટે ઉત્તમ છે. ગામના ખેડૂત અને સરપંચ શબ્બીરભાઈ કહે છે કે, દાડમ બહુ વર્ષાયુ ફળપાક હોવાથી ઓછા મજૂરથી પણ સારૂ ઉત્પાદન મેળવી સારી આવક થઈ શકે છે. ઓછા સમયમાં વધુ ઉત્પાદન અને વધુ આવક આપતો પાક છે. જિલ્લાની આબોહવા અને જમીન અનુરૂપ પાક હોવાથી વાવેતર વધવાની ઉત્તમ તકો છે. દાડમની માર્કેટ વેલ્યુ સારી અને ઉંચી હોવાથી બીજા વર્ષાયુ ફળ કરતાં આવકની દૃષ્ટિએ વધુ સારી તકો ઉપલબ્ધ છે. મહેરપુરા ગામમાં દાડમના બગીચા લહેરાઈ રહ્યા છે.

(ગતાંકથી આગળ....)

નીકની પહોળાઈ ૪૫ સે.મી. હશે અને પહોળા ક્યારાની પહોળાઈ ૫૫ સે.મી. હશે. નીકને પાણી અને જીવામૃત્તથી સિંચીત કરો. ૨-૩ દિવસો બાદ બેડમાં બાફ આવશે, ત્યારે સીડ ડ્રીલ (વાવણી યંત્ર) થી ઘઉંના બીજ (બીજામૃત્તનો પટ આપેલ) બ્રોડ બેડ ઉપર વાવો. આ વાવણી યંત્રના બે દાંતાઓ વચ્ચેનું અંતર ૨૨.૫ સે.મી. રાખવાનું છે. ઉપર બેડ ત્રણ દાંતાઓ ખુબ જ સારી રીતે વાવવા માટે બેસે છે. બીજ ત્રણ અને સરસવના બીજ વાવવાના છે. (૨૪ કિલો ઘઉં બીજ + ૧ કિલો ધાણા બીજ + ૨૦૦ ગ્રામ સરસવના બીજ). બીજની સાથે એકર દીઠ ૧૦૦ કિલો ચાળેલું ગોબર ખાતર અને ૧૦ થી ૧૦૦ કિલો ધન જીવામૃત્તનું મિશ્રણ વાવો. ઉભેલા પાક ઉપર જીવામૃત્ત છાંટો. જીવામૃત્ત છાંટવાની પદ્ધતિ બતાવવામાં આવી છે. સિંચાઈના દરેક પાણીની સાથે જીવામૃત્ત એકર દીઠ ૨૦૦ લીટર આપો. શરૂઆતમાં બીજ વાવ્યા બાદ ૧ મહિના સુધી, મહિનામાં બે વાર કે ત્રણ વાર માત્ર નીકમાં સિંચાઈ આપો. પછી મહિનામાં બે કે એક વાર સિંચાઈ આપો. સિંચાઈ માત્ર નીકમાં જ આપો. કેશાકર્ષણથી અને જીવામૃત્તની અસરથી ભેજ આપોઆપ બેડ (ક્યારા) માં ઘઉંના મુળિયાઓની પાસે પહોંચશે. તમે ચિંતા ન કરતા. આ પદ્ધતિથી આપોઆપ બેડમાં ઘઉંના મૂળિયાઓની પાસે પહોંચશે. તમે




ચિંતા ન કરતા. આ રીતથી સિંચાઈના પાણીની ૭૫ ટકા બચત થાય ચે. આ ખુબ જ સારી રીત છે.

**સિંચાઈ આપવાની યોગ્ય પરિસ્થિતિ :**

**પાક સંરક્ષણ :**

તમે બીજ વાવા સમયે એકર દીઠ ૧૦૦ કિલો ચાખેલું ગોબર ખાતર, અને ૧૦ થી લઈને ૧૦૦ કિલો ઘન જીવામૃત્ત તેનું મિશ્રણ બીજની સાથે નાખો, દરેક પંદર દિવસો પછી સિંચાઈની સાથે એકર દીઠ ૨૦૦ લીટર જીવામૃત્ત આપો. ઘઉં બીજની સાથે સરસવ તેમજ ધાણાના બીજ વાવો. ઘઉં પાકમાં ચણાનો આંતર પાક લો, દરેક પંદર દિવસ પછી (મહિનામાં બે વાર) જીવામૃત્તનો ૫ થી લઈને ૧૦ ટકા ઉભા પાક ઉપર છંટકાવ કરો. તમારા પાક ઉપર કોઈ જંતુઓ કે રોગનું આક્રમણ થશે નહિ, જો કોઈ જંતુઓ આવે છે કે રોગના લક્ષણો જોવા મળે ચે, તો નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર તેમજ અગ્નિશાસ્ત્ર અને કુદરતી ફુગનાશકનો છંટકાવ કરો. આ ઔષધીઓ ઘરે કેવી રીતે બનાવવામાં આવે, આ જાણકારી મે આ ચોપડીમાં ડાંગરનો પાક કેવી રીતે લેવોમાં આપ્યો છે.

સિંચાઈ આપવાની યોગ્ય પરિસ્થિતિ :

| ક્રમ | સંવેનશીલ સ્થિતિ | વાવેતરના પછી (દિવસો) કેટલા દિવસો (મિ.મિ.) | કેટલીવાર સિંચાઈ | સિંચાઈ માટે જરૂરી કુલ પાણી મર્યાદા |
|---|---|---|---|---|
| ૧. | મૂળિયાઓનો ઉદ્ભવન સમય | ૧૮-૨૧ | ૪-૫ | ૪૦૦-૫૦૦ |
| ૨. | ટીલરીંગ સ્ટેજ | ૨૫-૪૨ | | |
| ૩. | ફૂલ આવવાનો સમય | ૬૦-૬૫ | | |
| ૪. | દાણાઓમાં દૂધ નિર્માણની સ્થિતિ | ૮૦-૮૫ | | |

**પાકની કાપણી :**

જેવા દાણાઓ પાકી જાય છે, દાણાઓમાં ૧૫% ભેજ હોય છે. પાકની કાપણી કરો. કાપેલા છોડને ભેગા કરીને ત્રણ દિવસ તડકામાં સુકાવો. તેનાથી દાણાઓમાં જે ઘટાડો થશે એ છોડના શરીરમાંથી લઈને પૂરી કરવામાં આવે છે. છોડવાઓના મૂળિયાઓની માટી લાગેલી હોય છે, તેને કાઢીને સ્વચ્છ (ક્લીન) કરો. કેટલાક દિવસો માટે સુકાવીને થ્રેસિંગ કરો.

ચોમાસું જુવાર :

જુવાનરના સંકરબીજ ખરીદો નહિ. માત્ર સીધી જાતો કે સ્થાનિક બીજ લો આપણા કિસાનો મહારાષ્ટ્રમાં બે સીધી જાતોઁ ફ્દ્ધ-૮૦૧ અનેઁ ફ્દ્ધ-૮૦૯ માત્ર કુદરતી ખેતીમાં જીવામૃત્ત ઉપર કે બે થેલી ગોબર ખાતર ઉપર વાવે છે. અને સંકર બીજથી વધુ ઉપજ લે છે. કોઈ રાસાયણિક ખાતર નાખતા નથી. આ જુવાર બીજ અમે આપને આપીશું.

જુવારના બીજ ૪ કિલો + મગ બીજ ૨ કિસો કે ફળી (ચવલી) બીજ ૩ કિલો + ધાણાના બીજ ૧ કિલો એક સાથે ભેળવી દો. મિશ્રણ કરો. બીજને બીજામૃત્તથી પટ આપો. વાવતા સમયે સામે બે થેલી (૧૦૦ કિલો) ચાખેલું ગોબર ખાતર અને દશથી લઈને ૧૦૦ કિલો ધન જીવામૃત્ત ભેળવીને નાખો અ" તેની પાછળ આ બીજનું મિશ્રણ નાખી દો. પછી મહિનામાં એક વાર જમીન ઉપર જીવામૃત્ત છાંટો કે ૫ ટકા જીવામૃત્ત પાક ઉપર છાંટો. તમારા જુવારનો પાક ને મગ કે ફળી હવામાંથી નાઈટ્રોજન આપશે, ગોબર ખાતર અને ઘન જીવામૃત્ત જીવાણુઓને કામમાં લગાવીને ફોસ્ફેટ, પોટાશ અને બાકીના તમામ ખાદ્ય પદાર્થ પકાવીને આપશે, ધાણા તમને જુવારની રોટલીમાં સ્વાદ આપશે, અને જુવારના મૂળિયાઓ ઉપર રસ ચૂસવાવાળી વનસ્પતિનું નિર્માણ કરશે.

## આપણું 'કિસાન સંદેશ' તા. ૧-૫-૨૦૧૭ થી ઓનલાઈન આપણી વેબસાઈટ પરથી ઉપલબ્ધ છે.

**Email : bksgujarat1985@gmail.com**
**website : www.bksgujarat.org.in**

ઈન્ટરનેટ અને મિડીયાના યુગમાં હવે જ્યારે યુવાનો વધુને વધુ સોશ્યલ મિડીયાનો પ્રયોગ કરી રહ્યા છે ત્યારે અને કિસાનો અને કૃષિ ક્ષેત્રે સંકળાયેલ યુવા પેઢી માટે એક આનંદના સમાચાર છે કે આપણું કિસાનોનું પોતાનું છાપુ હવેથી ઓનલાઈન થઈ રહ્યું છે અને આપણી ભારતીય કિસાન સંઘની વેબ સાઈટ ઉપરથી જોઈ શકાશે... ગત ૧૯મી માર્ચ કિસાન બલિદાન દીન થી સહીદોને યાદ કરીને આપણું આ કાર્યનો પ્રારંભ કર્યો છે. જાગૃત કિસાનો યુવાનોને આહ્વાન પણ છે કે પોતાના મંતવ્યો - સૂચનો - કોઈ ખેતીની સફળ વાર્તા, પ્રેરક વાતો મોકલવામાં આવશે તો આપણે પ્રગટ કરીશું...

– સંપાદક

## તમામ તાલુકા / જીલ્લાઓના હોદ્દેદારો - સક્રીય કાર્યકરો અને કિસાનો જોગ નમ્ર વિનંતી...

*આગામી તારીખ ૨૫ મે થી ૧૦ જૂન સુધી સમગ્ર ગુજરાતમાં આપણી તમામ નાની મોટી સમસ્યાઓ માટે તમામ જીલ્લા મથકોએ જાહેર સભા - રેલી અને તમામ પ્રશ્નો માટે આવેદન પત્ર આપવાના કાર્યક્રમો યોજાશે, જે આપણા જિલ્લાની સંગટન શક્તિના જાગરણના પ્રતિક રૂપે થશે. આ કાર્યક્રમને સફળ બનાવવા સૌ ગ્રામ સમિતિથી માંડી જીલ્લા કક્ષા સુધીના તમામ કાર્યકરોને નમ્ર નિવેદન કરવામાં આવે છે, કે આપના પોતપોતાના ગામ, મંડળ, કેન્દ્ર, વિસ્તાર તાલુકામાં જાગૃત રહીને તાલુકા પ્રમુખ / મંત્રીનો સામે ચાલીને સંપર્ક કરીને સભાની પત્રિકાઓ - માહિતી લઈને પ્રચાર કાર્યમાં લાગી જઈને આપણા સંગઠનને સક્રીય સ્થાયી બનાવવાનો પ્રયાસ કરીએ. તાલુકા / જીલ્લાના કાર્યક્રમ / કાર્યકર્તાની જાણકારી ના હોય તો પ્રદેશ કાર્યાલયનો સંપર્ક કરીએ...*

# કાર્યકર્તાનું અધિષ્ઠાન ૧૦૦

રા. સ્વ. સંઘ
**કાર્યકર્તા**
અધિષ્ઠાન : વ્યક્તિત્વઃ વ્યવહાર
**દત્તોપંત ઠેંગડી**
અનુવાદક :
**હસુભાઈ દવે**
સાહિત્ય સાધના ટ્રસ્ટ, અમદાવાદ

**કાર્યકર્તા...** (ગતાંકથી આગળ....)

સામ્યવાદીઓનું સીપીઆઈ અ" સીપીએમમાં વિભાજન થયું ત્યારે આ વિષય ઉપર ઘણી લાંબી ચર્ચાઓ પક્ષમાં થઈ. એક પક્ષનું કહેવું હતું કે સંસદીય રાજનીતિમાં જવાના ખરાબ પરિણામો આવશે, આપણો ક્રાંતિનો આગ્રહ ઓછો થઈ જશે. શ્રી એ.કે. ગોપાલનના આત્મચરિત્રમાં એ સિદ્ધ થાય છે કે સાધન અને સુવિધાઓનો વધારો થવાથી ટેવો બગડી ગઈ હતી અને ક્રાંતિનો આગ્રહ પણ ઓછો થઈ ગયો હતો.

આવી જ વાત કોંગ્રેસના ઈતિહાસમાં જોવામાં આવે છે. મૉન્ટ-ફોર્ટ સુધારાનો પ્રસ્તાવ બ્રિટિશરોએ રજૂ કર્યા પછી વિધિમંડળમાં જવું કે ન જવું, એ અંગે ઉગ્ર ચર્ચા થઈ. મોટાભાગના લોકોનો વિચાર હતો કે કાઉન્સિલમાં પ્રવેશ કરીશું અને એ મંચનો જનજાગરણ માટે ઉપયોગ કરીશું. એ પછી આપણે આંદોલન કરી શકશું. એ સમયે બધાને સાવધ કરનારા એક વિચારકે કહ્યું કે આવું થઈ શકશે નહીં. આપ કાઉન્સિલમાં પ્રવેશ કરશો અને ત્યાંના જ થઈ જશો પછી જનજાગરણનો વગેરે જ છૂટી જશે. આથી કાઉન્સિલમાં ન જવું જોઈએ. આ વિચાર આગ્રહપૂર્વક રાખનાર વિચારક હતા મહાત્મા ગાંધી.

પરિવર્તન પામેલ પરિસ્થિતિમાં સુવિધાઓની વિલુતાના કારણે પોતાના માર્ગથી શા માટે ચલિત થાય છે ? એટલા માટે કે પહેલાં જમાનામાંલ રહેતો હતો તે જ રીતે રહેવામાં હવે કષ્ટ થાય છે. અને અસુવિધા થાય છે. એક કાર્યકરત્ને પૂછ્યું કે બેઠકમાં કેમ ન આવ્યા ? તેણએ કહ્યું કે 'શું કરું, વાહન ન મળ્યું,' એટલે કે સ્કૂટર ન મળ્યું, તેની પાસે સ્કૂટર નહતું ત્યારે આ કાર્યકર્તા સમયસર બેઠકમાં આવતો હતો, પરંતુ સ્કૂટરની ટેવને કારણે લાચારી આવી ગઈય.' સ્કૂટર ન હોય તો બેઠકમાં કેવી રીતે જવાય ?' આથી કાર્યકર્તાએ હંમેશા એ વિચાર કરવો જોઈએ. સારાં કપડાં મળ્યાં, પહેરી લો, સારું ખાવાનું મળ્યું, ખાઈ લો, પરંતુ ખાવાપીવામાં, રહેવામાં, પહેરવામાં ઉઠવા બેસવામાં, વાતો કરવામાં આપણી ટેવો બગાડવામાં આપણે આવી સુવિધાઓનો આશરો લઈ લાચાર ન બનીએ. મારે જ્યાં જવાનું છે ત્યાં જો સારા કપડાં પહેલીને ન ગયા તો મોભો નહીં સચવાય એવો વિચાર યોગ્ય નથી. શું કપડાં ઉપર આપણો મોભો નિર્ભર છે ? ગઈ કાલે જતા હતા એ જ રીતે આજે પણ જતા રહીશું. એ સિવાય ખરાબ કપડાં પહેલીને આવે છે એટલે કોઈ ઘણો જ સારો કાર્યકર્તા છે એવી વાત પણ સાચી નથી હોતી.

હવે પરિવર્તિત પરિસ્થિતિ માનસિક્તામાં કેવી રીતે ફેરફાર થાય છે ? આના પરિણામ સ્વરૂપે કર્તવ્ય કેવી રીતે ઓછું થઈ જાય છે તેના પણ અન્ય અનેક ઉદાહરણો છે. 'ભાગ મછિન્દર ગોરખ આયા' નું ઉદાહરણ એ જ માનસિક્તાને પરિચય આપે છે. સત્તરમી શતાબ્દીના ફ્રાન્સના ૧૪મા લુઈના સરદારોનું ઉદાહરણ છે. સરદાર ખૂબ જ બહાદુર હતા. યુરોપીય રાષ્ટ્રો પર ફ્રાંસનો પ્રભાવ હતો. રાજા લુઈએ વિચાર કર્યો કે આ સરદાર જેવી રીતે બહારના રાષ્ટ્રો માટે આતંક બની રહે છે તે જ રીતે કોઈ દિવસ મને પણ તકલીફ આપી શકે છે. રાજાને તેના પ્રધાનમંત્રીએ સલાહ આપી જો તમે ઈચ્છતા હો કે સરદાર આપને તકલીફ ન આપે, તો તેને દબાવવાનો પ્રયત્ન ન કરો. તેમને પૂરો આરામ આપો. આથી તેમણે એક મોટો મહેલ બનાવ્યો. એ જ પ્રસિદ્ધ 'પેલેસ ઑફ વ્હર્સોય' છે. આ મહેલમાં એક મોટો દરબાર બનાવ્યો. બધાને માટે રહેવાની યોગ્ય સન્માનજનક વ્યવસ્થી કરી. મોટા મોટા હોદ્દાઓ આપી રાજાની સમાન જ તે બધાને મોટું સ્થાન આપવામાં આવ્યું. આમ આરામની બધી સુવિધાઓ આપવામાં આવી. એનું પરિણામ એવું આવ્યું કે દશ વર્ષની અંદર આ બહાદુર કર્તૃત્વવાન અને બુદ્ધિમાન લોકોનું એટલું પતન થયું કે આગામી સત્તરમી શતાબ્દીમાં ફ્રાંસના સરદાર વર્ગમાં કોઈ કર્તૃત્વવાન પુરુષ નિર્માણ ન થયો. 'પેલેસે ઑફ વ્હર્સોય'નું વૈભવ પૂર્ણ જીવન, સુખસુવિધાઓ અને આળસ ઘરની જવાને લીધે તેમની પ્રેરણા અને કતૃત્વ સમાપ્ત થઈ ગયા. આજ પ્રકારનું ઉદાહરણ ૧૯મી સદીના ઈટાલીના સરદાર વર્ગનું પણ છે. આવી પ્રક્રિયાને કારણે ત્યાં પણ કોઈ બહાદુર પુરુષ નિર્માણ ન થયો.

એક વખત દાદા ધર્માધિકારીએ રાજસત્તાના આશ્રય અંગે પોતાનો અનુભવ દર્શાવ્યો. તેમણે કહ્યું, દેશ સ્વતંત્ર થયો. ગાંધીવિચારના બે રસ્તા હતા. એક રાજકીય અને બીજો બિનરાજકીય. રાજકીય રસ્તો કોંગ્રેસના નામથી હતો. તેના હાથમાં સત્તા આવી તો તેઓએ વિચાર કર્યો કે ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાં સક્રિય આપણા ભાઈઓની વધારેમાં વધારે મદદ કરવી જોઈએ. આથી સર્વોદય કાર્યકર્તા તથા સંસ્થાઓને વધારેમાં વધારે સગવડતાઓ અને આર્થિક મદદ આપવાનો આરંભ કર્યો. આચાર્ય વિનોબાભાવેએ પણ નિઃસંકોચટ સ્વીકાર કર્યો. તેઓ એવો વિચાર કરતા હતા કે આપણે તો સરકાર પાસે કંઈ જ માંગ્યું નથી, પરંતુ ન માંગવા છતાંય સરકાર પોતાના તરફથી જ જો સહાયતા અને સગવડતાઓ આપતી હોય તો લેવામાં વાંધો શું છે ? અમારી પાસે સારા કર્મઠ કાર્યકર્તા છે. તેઓ જાનની પરવા કર્યા વગર કામ કરે છઠે. સધનોના અભાવને કારણે તેમની કામ કરવાની ગતિ ધીમી થઈ જાય છે. હવે સાધન મળી ગયું તો કામની ગતિ વધારવી સરળ થઈ જશે. આવું વિચારીને સર્વોદયી લોકોએ સહાયતા અ" સગવડતાઓનો ઠેકઠેકાણે સ્વીકાર કર્યો, પરંતુ અનુભવ વિપરીત જ આવ્યો. વધારાના સાધનોને કારણે કાર્યની ગતિ કેટલી વદી એવી તો ખબર નથી, પરંતુ બીજી જ વાતો સર્વત્રથવા લાગી. સાધનોનો ઉપયોગ વધારેમાં વધારે થવા લાગ્યો અને આના કારણે કર્મઠ કાર્યકર્તાઓની પણ માનસિક્તા બદલાવા લાગી, આળસુ બનવા લાગ્યા, મોટરગાડી આવી ગઈ. આ પહેલાં પોતાના કાર્ય માટે આઠ-દશ કિલોમીટર પગપાળા જવાનો જેને અભ્યાસ હતો, તેને પણ મોટરગાડીની ટેવ પડી ગઈ. કોઈ પણ કાર્યક્રમ માટે એક કિલોમીટર પણ પગપાળા જવું અશક્ય લાગવા માંડ્યું. મોટરગાડી નથી એટલે કાર્યક્રમમાં જઈ શકીશ નહીં, એવું કહેવા સુધી તેની પ્રવૃત્તિ વધી ગઈ. આ રીતે વધારે સાધનનોના કારણે કામ તો વધ્યું જ નહીં, કાર્યકર્તાઓની કર્મઠતા નબળી થઈ ગઈ અને સર્વોદયને ઘણું જ મોટું નુકસાન થયં. હું 'ઈન્ટુક' માં કામ કરતો હતો તે વખતે પંડિત રવિશંકર શુક્લ અને દ્વારકાપ્રસાદ મિશ્ર બંને તે સમયના મધ્યપ્રદેશના મોટા કોંગ્રેસી નેતા હતા. તેમની સાથે મારો ગાઢ સંબંધ રહ્યો હતો. તેઓ બંને મને પોતાના દીકરા જેમ જ માનતા હતા. મારી ઉંમર પણ નાની હતી. તેઓ જાણતા હતા કે હું સંઘનો પ્રચારક છું, પરંતુ એ જ કારણે તેઓ માનતા હતા હું ક્યારેય વિશ્વાસઘાત કરીશ નહીં. કદાચ મતભેદ હશે તો રાજીનામું આપીને દૂર થઈ જશે, પરંતુ વિરોધમાં જાહેર નિવેદન આપવું અથવા કોઈ ભેદ જાહેર કરવો એવી વાત હું નહીં કરું. આવા પૂર્ણ વિશ્વાસને કારણે આ બંનેની સાથે અનૌપચારિક સંબંધ હતો અને ક્યારેક ક્યારેક પોતાના મનની વાત પણ તેઓ મારી સામે પ્રગટ કરતા હતા. *ક્રમશઃ*

# જમીનોના રીસર્વે અંગે ચાલી રહેલ કામગીરીની માહિતી

રાજ્યના ખેડૂત ખાતેદારોની જમીનના ભોગવટા અંગેનો મહેસૂલી રેકર્ડ અધ્યતન, ચોક્કસ અને ભુલો વગરનો બને તેવો રાજ્ય સરકારનો અભિગમ છે. તેના ભાગરૂપે ગુજરાત રાજ્યે આગેવાની લઈ સમગ્ર દેશમાં રી સર્વે માપણીની શરૂઆત જામનગર જિલ્લાથી કરેલ છે.

પોત હિસ્સા માપણી માટે તમામ જીલ્લામાં નવી નિમણૂકો સાથે ખાસ નવું મહેકમ

**આ કાયમી મહેકમ :**

- ખેડૂીત ખાતેદારના મૃત્યુ પછી વારસાઈ અને જમીનોની કૌટુંબિક વહેંચણી થવાથી જમીનોના પૈકી સરવે નંબરો (પોત હિસ્સા) ની માપણી કામગીરી ઝુંબેશ રૂપે કરશે અનએ સમગ્ર વર્ષ સતત માપણી કરશે.
- જે ખાતેદારોએ રી સરવે અગાઉ જમીનની વહેંચણી પછી પોત હિસ્સા માપણી કરાવેલના હોય તેવા કિસ્સામાં તેમના પોત હિસ્સાની માપણી તેઓની સંમતિથી અને હાજરીમાં પ્રત્યક્ષ કબજા ભોગવટા મુજબ પુનઃ કરી રેકર્ડ તૈયાર કરાશે.
- રી સરવે રેકર્ડમાં માલુમ પડેલ કોઈપણ ક્ષતિ સુધારવા સતત કામગીરી કરશે.

**જમીનોના રેકર્ડ આંગળીના ટેરવે...**

- ટેકનોલોજીના વિકાસ સાથે નવુ જમીન રેકર્ડ પણ સંપૂર્ણપણે ડીજીટલ હશે.
- એ.ટી. એમ. કાર્ડ જેવા જ મહેસૂલી રેકર્ડના દરેક સરવે નંબર દીઠ સ્માર્ટ કાર્ડ
- સ્માર્ટ કાર્ડથી જમીન રેકર્ડની માહિતી જોવા એટીએમ જેવા ખાસ સ્વાઈપ મશીન સરકારી કચેરીઓ અને અન્ય જાહેર સ્થળોએ મુકાશે.
- ગામ નમુના નં. ૭ અને ૧૨, હક્કપત્રકની નોંધો, ખેતરના નકશા અને અન્ય જુના રેકર્ડની ત્વરીત જાણકારી અને પ્રિંટની પણ સુવિધા એટલે સરકારી કચેરી ખાતેની લાઈન અને નકલ માટેની રાહમાંથી મુક્તિ

**રી સરવે રેકર્ડની ક્ષતિ સુધારવા વ્યાપક પગલાં**

- નવા રેકર્ડની વિગતવાર ચકાસણી કરવાના મહેસુલ વિભાગ દ્વારા આદેશ.
- જુના રેકર્ડના તમામ રેફરંસ લેવામાં આવેલ છે કેમ તેની ખાત્રી કરવાની વિગતવાર સુચનાઓ જાહેર.
- જમીન સંપાદનના એવોર્ડ મુજબ મહેસુલી રેકર્ડ પર અસર આપવા અને કોઈપણ કે.જે.પી.ની અસર બાકીના રહે તેની સ્પષ્ટ સુચનાઓ જાહેર.
- વિભાગ દ્વારા રી સરવેનો તૈયાર થયેલ તમામ રેકર્ડની નિષ્ણાંત થર્ડ પાર્ટી દ્વારા ૧૦૦ ટકા વિગતવાર ચકાસણી કરવા આયોજન
- ખાતેદારના ગામ નમુના નંબર ૭ કોઈપણ કારણોસર બંધ થયેલ હોય તે તાકીદે શરૂ કરવા તાલુકા મામલતદારને સત્તાઓ અને સુચનાઓ જાહેર.
- રેકર્ડ પ્રમોલગેશન જે તે ગામે મુકામ કરી ખાતેદારોના વાંધા/રજુઆતોનો રૂબરૂ નિકાલ કરી પ્રમાણિત કરે તેવા પરિપત્ર જાહેર

**વિશેષ જાણકારી :**

- રી સરવે હેઠળ તૈયાર થયેલ તમામ રેકર્ડ બે વર્ષ (તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૮) સુધી ખુલ્લું રાખવામાં આવશે.
- રેકર્ડ કે માપણી સંબંધી કોઈપણ ક્ષતિ સુધારવા નિયમાનુસાર અપીલ કરવાને પદલે માત્ર સાદી અરજીથી દાદ માંગવાની જોગવાઈ.
- રી સરવે અંગેની કોઈપણ ક્ષતિ માટે પુનઃ પાણી ખાતેદારની હાજરીમાં અને વિનામૂલ્યે કરવા તથા તેમની સંમતિ મેળવવાની જોગવાઈ, ત્યારબાદ જ રેકર્ડ પર કાયમી અસર અપાયેલ ગણાશે.

**પ્રતિબદ્ધતા :**

- મહેસૂલ વિભાગ રી-સરવે માપણી પછી રાજ્યના ખેડૂતોને જમીનોની વધઘટ કે અન્ય ફેરફાર અંગે પડતી મુશ્કેલીઓ દૂર કરવા જરૂરી પ્રતિબદ્ધ છે અને ખેડૂત ખાતેદારના હીતમાં નવું રેકર્ડ પારદર્શી, ચોક્કસ અને ભૂલો વગરની થાય તે માટે સતત પ્રયત્નશીલ છે...

મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

*—કૃષિ મહોત્સવ નીમિત્તે પ્રકાશીત પત્રિકામાંથી.*

## ગુજરાતમાં ચોમાસાનું આગમન ૧૫ દિવસ વહેલાં થવાની શક્યતા

સામાન્ય રીતે ગુજરાતમાં દર વર્ષે તા. ૧૫ જૂન આસપાસ ચોમાસું બેસતું હોય છે. જો કે, આ વર્ષે રાજ્યમાં ચોમાસાનું આગમન ૧૫ દિવસ વહેલું થવાની શક્યતા સેવાઈ રહી છે. હવામાન વિભાગે પ્રિ-મોન્સુન ગતિવિધીના આધારે જાહેર કરેલા અંદાજ પ્રમાણે આંદામાન-નિકોબારમાં તા. ૧૫ મે આસપાસ ચોમાસાનું આગમન થશે. આ બાદ તુરત જ કેરલમાં ચોમાસાની એન્ટ્રી થશે. કેરલમાં ચોમાસાના આગમન બાદ ૧૦ થી ૧૫ દિવસમાં ગુજરાતમાં મેઘારાજાની એન્ટ્રી થશે. આથી ગુજરાતમાં આ વર્ષે તા. ૧ જૂન આસપાસ ચોમાસાનું આગમન થઈ જવાની પુરી શક્યતા છે.

ભારતીય હવામાન વિભાગે આ વર્ષે ૯૬ ટકા વરસાદ સાથે સારા ચોમાસાની આગાહી કરી છે. વિવિધ કુદરતી સંકેતોના આધારે આગાહી કરતાં હવામાન નિષ્ણાતોએ પણ સારા વરસાદના સંકેત આપ્યા છે. પશ્ચિમી પવનોના કારણએ રાજ્યના મોટાભાગના શહેરોમાં હાલ ૪૦ થી ૪૪ ડિગ્રી સુધી તાપમાન નોંધાઈ રહ્યું છે. ગુરૂવારે રાજકોટ શહેર તેમજ કાલાવડ તાલુકાના અમુક વિસ્તારોમાં ઝાપટું પડ્યું હતું.

## દેશની ઓર્ગેનિક કૃષિ પેદાશો નિકાસ ત્રણ ગણી થવાનો આશાવાદ

વર્ષ ૨૦૨૦ સુધીમાં ભારતમાંથી થતી ઓર્ગેનિક કૃષિ પેદાશો અને એની બનાવટોની નિકાસ ત્રણ ગણી વધી જાય એવી શક્યતા છે. અપેડા (એગ્રીકલ્ચર એન્ડ પ્રોસેસ ફૂડ એક્સપોર્ટ ડેવલોપમેન્ટ ઓથોરિટી) દ્વારા જાહેર થયેલા આંકડા પ્રમાણે ભારતમાં વાર્ષિક ૧૩.૫૦ લાખ મેટ્રીક ટન




પ્રમાણિત ઓર્ગેનિક કૃષિ પેદાશો અને એની બનાવટોનું ઉત્પાદન થાય છે. જેમાંથી ૨.૬૩ લાખ ટનની નિકાસ થાય છે. આ નિકાસ દ્વારા દેશને વાર્ષિક અંદાજે રૂા. ૧૯૦૦ કરોડના વિદેશી હુંડિયામણની આવક થાય છે. જે આગામી ચાર વર્ષમાં ત્રણ ગણી થશે એવો આશાવાદ નિષ્ણાતો સેવી રહ્યા છે. આ માટે પ્રયાસ પણ દરેક દિશામાંથી થઈ રહ્યા છે. હાલમાં સરકારે ઓર્ગેનિક કઠોળના નિકાસ માટેની લિમિટ ૧૦ હજાર ટનથી વધારીને ૫૦ હજાર ટન કરી છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયામાં પણ આ વખતે પ્રથમવાર કેસર કેરી નિકાસ થઈ રહી છે. આ તમામ પરિબળોના કારમએ દેશમાં ઓર્ગેનિક કૃષિ પેદાશોના ઉત્પાદન અને એની નિકાસને આગામી સમયમાં વેગ મળશે એમ ચોક્કસ કહી શકાય.

# સંક્ષિપ્ત સમાચાર

સૌજન્ય : એગ્રી સાયન્સ

## નર્મદા યોજનાના વિરોધમાં મેઘા પાટકની સાથે દિગ્વિજય...

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાના કામની આડે છેલ્લા ત્રણ દાયકાથી



પણ વધુ સમયથી મેઘા પાટકર દ્વારા અનેક રોડા ઉભા કરાયા છે. નર્મદા બચાવો આંદોલનના નેજા હેઠળ મેઘા પાટકરે સોમવારે મધ્ય પ્રદેશમાં નર્મદા નદીના કિનારે ૧૦ કિલોમીટર લાંબી માનવ સાંકળ રચીને સરદાર સરોવર ડેમના દરવાજા બંધ રાખવા બાબતે વિરોધ દર્શાવ્યો હતો. સરદાર સરોવર ડેમના દરવાજા બંધ કરવાથી નદી કિનારાના ૨૪૪ ગામોને અસર થશે એવા આક્ષેપ સાથે યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસના મહાસચિવ દિગ્વિજયસિંહ પણ મેઘા પાટકરની સાથે જોડાયા હતા. મંગળવારે નવી દિલ્હી ખાતે નર્મદા કંટ્રોલ ઓથોરીટીની બેઠક મળવાની છે. આ બેઠકમાં સરદાર સરોવર ડેમના દરવાજા ખોલવા કે બંધ કરવા બાબતે નિર્ણય લેવામાં આવશે. આથી આ બેઠક પૂર્વે મેઘા પાટકર દ્વારા આ વિરોધ પ્રદર્શન યોજાયુ હતું. જેમા કોંગ્રેસના દિગ્વિજયસિંહ જેવા નેતાઓએ પોતાના રાજકિય રોટલા શેકવા ભાગ લીધો હતો.

## સમગ્ર વિશ્વમાં કપાસનું વાવેતર પાંચ ટકા વધવાનો અંદાજ...

આ વર્ષે સમગ્ર વિશ્વમાં કપાસનું વાવેતર ગત વર્ષની સરખામણીએ પાંચ ટકા વધશે એવો અંદાજ ઈન્ટરનેશનલ કોટન એડવાઝરી કમિટી દ્વારા મુકવામાં આવ્યો છે.



જે મુજબ ભારતમાં પણ સાત ટકા સુધી કપાસનું વાવેતર વધવાનો અંદાજ રજૂ કરવામાં આવ્યો છે. સિઝનના અંતે ભાવ ઉંચા રહેતા સમગ્ર વિશ્વમાં કપાસનું વાવેતર વધશે એવું કોટન એડવાઈઝરી કમિટીનું માનવું છે. આ અંદાજ પ્રમાણે સમગ્ર વિશ્વમાં આ વર્ષે કપાસનું વાવેતર ૩.૦૮ કરોડ હેક્ટર થઈ શકે છે. જ્યારે ભારતમાં વાવેતરનો આંકડો ૧.૧૩ કરોડ હેક્ટર થવાનો અંદાજ રજૂ કરવામાં આવ્યો છે.

## તુવેરનો ઘટાડો રોકવા આયાત ડ્યુટી ૨૦ ટકા કરવાની ભલામણ

આ વર્ષે દેશમાં તુવેરનું વિક્રમજનક ૪૨ લાખ ટન ઉત્પાદન થયું છે. આ કારણએ તુવેર ટેકાના ભાવ રૂા. ૧૦૫૦ પ્રતિ મણથી પણ નીચી સપાટીએ આવી ગઈ છે. આ માટે કેન્દ્ર સરકારે ગત તા. ૨૮ માર્ચે તુવેરની આયાત પર ૧૦ ટકા ડ્યુટી લગાવી હતી. જોકે, આ બાદ પણ



તુવેરના ભાવ સતત ઘટી રહ્યા છે. આથી આયાત ડ્યુટી ૧૦ ટકાથી વધારીને ૨૦ ટકા કરવાની ભલામણ કેન્દ્રિય કૃષિ વિભાગે કરી છે. આ માટે કૃષિ વિભાગ દ્વારા નાણા વિભાગને રજૂઆત કરવામાં આવી છે. આયાત ડ્યુટી વધે તો આફ્રિકા સહિતના દેશોમાંથી આવતી તુવેરનું પ્રમાણ ઘટે અને ઘર આંગણે તુવેરની માંગ વધે. જેથી ભાવમાં થોડો સુધારો જોવા મળે. આ સિઝનમાં મોટાભાગના ખેડૂતોને ટેકાના ભાવથી નીચી સપાટીએ તુવેર વેચવાની ફરજ પડી છે. જેથી આગામી ચોમાસુ સિઝનમાં હવે ઘણાં ખેડૂતો તુવેરના વાવેતરથી દૂર રહે એવી સ્થિતિનું સર્જન થયું છે. તુવેરના ઘટવા ભાવને થોડા ટેકો મળે એ માટે કૃષિ વિભાગે આયાત ડ્યુટી ૨૦ ટકા કરવાન ભલામણ નાણા વિભાગ સમક્ષ કરી છે.

## કૃષિ મહોત્સવમાં રાજકિય નેતાઓના ભાષણની શું જરૂર છે ?

રાજ્યભરમાં હાલ કૃષિ મહોત્સવ ૨૦૧૭ અંતર્ગત અનેક સ્થળોએ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. ઉપર દર્શાવેલી તસ્વીમાં એક ખેડૂત શ્રોતા કૃષિ મહોત્સવના કાર્યક્રમ દરમિયાન પોતાના મોબાઈલમાં ગેમ રમી રહ્યા છે. આ તસવીર હાલ સોશિયલ મિડિયામાં વાઈરલ થઈ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ તસવીર જૂનાગઢ ખાતે તા. ૭ મે યોજાયેલ કાર્યક્રમની છે. કૃષિ મહોત્સવ જેવા જાહેર કાર્યક્રમમાં આ રીતે અન્ય પ્રવૃત્તિ કરીને સમય વેડફવો એ ખરેખર નિંદાને પાત્ર છે. જોકે, અહીં અન્ય એક મહત્વની બાબત એ છે કે કૃષિ મહોત્સવ હેઠળ યોજાતા કાર્યક્રમોમાં



અનેક રાજકિય નેતાઓના બાષણ રાખવામાં આવે છે. જેમાં નેતાઓ પોતાના અને સરકારના ગુણગાન ગાઈને ભાષણને લાંબુ અને કંટાળાજનક બનાવે છે. આ સ્થિતિમાં મોટાભાગના શ્રોતાઓ અંદરખાને કંટાળી જતા હોય છે. કૃષિ મહોત્સવના આયોજનનો હેતુ ખેડૂતો સુધી જ્ઞાન તેમજ સરકારની સહાય યોજનાઓની વિગત પહોંચાડવાનો છે. આથી આ કાર્યક્રમમાં ખેતીવાડી અધિકારીઓ, કૃષિ વૈજ્ઞાનિકો અને પ્રગતિશીલ ખેડૂતોને જ ભાષણ કરવા દેવામાં આવે તો ખરા અર્થમાં કૃષિ મહોત્સવ ખેડૂત ઉપયોગ બની રહે... જય કિસાન.

## રાજકોટના અનેક વિસ્તારોમાં કરા સાથે વરસાદ ખાબક્યો

રાજકોટ શહેર સહિત આજુબાજુના વિસ્તારોમાં ગુરૂવારે સાંજે હવામાનમાં એકાએક પલટો આવ્યો હતો અને વરસાદી માહોલ સર્જાયો હતો. જેમાં રાજકોટ શહેરના રૈયા રોડ, કાલાવાડ રોડ, યાજ્ઞિક રોડ અને એરપોર્ટ રોડ નજીકના વિસ્તારોમાં ગાજવીજ સાથે



વરસાદ પડ્યો હતો. આ સાથે ઘણા વિસ્તારોમાં કરા પણ પડ્યા હતા. રાજકોટ નજીકના ગવરીદળમાં પણ મોડી સાંજે ઝાપટુ થયુ હોવાના સમાચાર મળી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસાથી રાજકોટ સહિતના વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ વ્યાપક જોવા મળ્યું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે રાજકોટ અને આસપાસના અમુક વિસ્તારો સિવાય બીજે ક્યાંય વરસાદના અહેવાલ મળ્યા નથી. જોકે, જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જેવા કેરી પકવતા વિસ્તારોમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. આથી કેરી સહિત જેવા કાપણી માટે તૈયાર થયેલા પાકોને નુકસાની થવાની શક્યતા ઉભી થઈ છે.

## ગંગા કિનારાના ૫૦૧૬ ગામોમાં રાસાયણિક ખેતી પ્રતિબંધિત કરાશે

કેન્દ્ર સરકાર દ્વારા 'નમામી ગંગે' યોજનાના અમલીકરણ હેટળ ગંગા નદીના કિનારે આવેલા ૫૦૧૬ ગામોમાં ખેડૂતોને



સજીવ ખેતી કરવા પ્રેરવામાં આવશે. આ માટે કેન્દ્રીય કૃષિ મંત્રાલય અને જળ સંસાધન મંત્રાલય વચ્ચે એમ.ઓ.યુ. થયા છે. જે હેઠળ ખેડૂતોના વિવિધ જૂથોને સજીવ ખેતી કરવા માટે તાલીમ આપવામાં આવશે. સજીવ ખેતીના અમલીકરણની સાથે આ તમામ ગામોમાં રાસાયણિક ખેતી પર પ્રતિબંધ મુકવામાં આવશે. જે મુજબ અહીં ખેતી જંતુનાશક દવા અને રાસાયણિક ખાતરોનું વેચાણ સદંતર બંધ થશે. પવિત્ર ગંગા નદી વિવિધ કારણોને લીધે અનેક પ્રકારના રાસાયણિક કચરાથી પ્રદુષિત બની છે. આ સંજોગોમાં ગંગાના કિનારે સજીવ ખેતીને પ્રોત્સાહન મળશે તો લાંબા ગાળે આડકતરી રીતે ગંગાની સફાઈના કામને પણ વેગ મળશે એવી આશા સાથે આ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ અભિયાન હઠળ કૃષિ વિકાસ યોજના દ્વારા વિવિધ કલસ્ટર બનાવવામાં આવશે. જેમાં પ્રથમ વર્ષમાં ૧૫૦૦ થી વધુ ખેડૂતોને સજીવ ખેતી અંગેની તાલિમ આપવાનું આયોજન છે. ખેડૂતોને તાલિમ આપવા માટે ICAR (ઈન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રીકલ્ચર રિસર્ચ)ની મદદ લેવામાં આવશે.





'કિસાન સંદેશ' સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો

'બલરામ મંદિર પરિસર' સે.૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

## પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના




**યોજનાનો ઉદ્દેશ :**
શૈક્ષણિક વિકાસ માટે સહાય

**પાત્રતાના ધોરણો :**
એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુ. જનજાતિના વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થાય છે.

**આવકનું ધોરણો :**
વાર્ષિક રૂા. ૨૫૦૦૦૦/- ની આવક મર્યાદા ધ્યાને લેવાની રહેશે.

**શિષ્યવૃત્તિના દર :**

| ગ્રુપ | હોસ્ટેલર | ડેસ્કોલર |
|---|---|---|
| ૧ | ૧૨૦૦/- | ૫૫૦/- |
| ૨ | ૮૨૦/- | ૫૩૦/- |
| ૩ | ૫૭૦/- | ૩૦૦/- |
| ૪ | ૩૮૦/- | ૨૩૦/- |

**પ્રક્રિયા :**
અનુ. જનજાતિના વિદ્યાર્થીએ પોતાનું અરજીફોર્મ ભરીને જરૂરી દસ્તાવેજો સાથે સંબંધિ શાળા / કોલેજને રજુ કરવાનું હોય છે. શાળા / કોલેજ દ્વારા તમામ વિદ્યાર્થીઓના ફોર્મ મેળવી નિયત નમુનામાં જરૂરી વિગતો સાથેની દરખાસ્ત તૈયાર કરી સંબંધિત મદદનીશ કમિશ્નરશ્રી / આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરીમાં રજુ કરવાનું હોય છે, જ્યાં તેઓની શિષ્યવૃત્તી મંજુર કરી વિદ્યાર્થીઓના બેંક ખાતાઓમાં જમા કરાવવાની કાર્યવાહી કરવામાં આવે છે.

**નોંધ :**
આ યોજના હેઠળ રૂા. ૨,૫૦,૦૦૦/- ની આવક મર્યાદા નિયત કરેલ છે. પરંતુ આ આવક મર્યાદા કરતા વધુ આવક ધરાવતા વાલીઓની કન્યાઓને પણ ઉક્ત ધોરણે શિષ્યવૃત્તિ મંજુર કરવામાં આવે છે.

# રાજ્યની કોઈપણ માર્કેટમાં ફળ શાકભાજી કે કોઈપણ ખેત ઉત્પાદન વેચવા જતાં કિસાનો સાવધાન તમે છેતરાતા તો નથી ને ?

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના તમામ ખેત ઉત્પાદનો (ફળ - શાકભાજી) માટે માર્કેટમાં દલાલી, કમિશન, કે કોઈપણ પ્રકારનો ચાર્જ નહીં લેવાનો આદેશો છતાં જાગૃતિના અભાવે કિસાનોને ૧૦ ટકા જેટલા ચાર્જીસ લગાવી ઉઘાડી લૂંટ કરતા માર્કેટ યાર્ડો અને વેપારીઓ સામે ભારતીય કિસાન સંઘની રજુઆત.

કોઈપણ વેપારી તમારી પાસેથી કોઈપણ પ્રકારની બીલમાં ગેરકાયદે કપાત કરે તો વિરોધ/પ્રતિકાર કરો અને જરૂર પડ્યે બીલ અને આધાર પુરાવા સાથે નીચે મુજબ લેખિત ફરીયાદ કરો.

(૧) મા. નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ડૉ. જીવરાજ મહેતા, જૂના સચિવાલય, બ્લોક નં. ૧૩ બીજો માળ, ગાંધીનગર, ગુજરાત રાજ્ય. ફોન : ૦૭૯-૨૩૨૫૩૯૫૧

(૨) પ્રદેશ અધ્યક્ષશ્રી, ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ, બલરામ મંદિર પરિસર, સેક્ટર-૧૨/ડી, ઘ રોડ, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૨૪૯૧૬

# તુવેરદાળ ખરીદી કેન્દ્ર બંધ હોય તો મને ફોન કરો : કૃષિ પ્રધાન

તુવેર ખરીદી કેન્દ્ર ચાલુ રાખવા માટે કોઈ આદેશની જરૂર નથી, તમામ ખરીદી કેન્દ્ર ચાલુ જ છે ત્યારે ખેડૂતોને તુવેર વેચવામાં કોઈ પણ અડચણ આવે તો સીધો મને ફોન કરો, તેમ કૃષિ પ્રધાન સુભાષ દેશમુખે જણાવ્યું હતું. રાજ્યમાં ખેડૂતોએ ૩૧ મે સુધી તુવેર ખરીદી કરવાની પરવાનગી કેન્દ્ર સરકારે આપી છે, પણ તુવેર ખરીદીનો આદેશ મોટા ભાગની બજાર સમિતિને મળ્યો જ નથી આથી તેઓ ખરીદવાની ના પાડે છે. વાશિમ ખાતે ખેડૂતો પથી છ ટ્રક ભરીને ઊભા છે, પરંતુ ખરીદી કેન્દ્ર ખૂલ્યા જ ન હોવાનુ સામે આવ્યું હતું.

યવતમાળ બજાર સમિતિમાં પણ આ જ સ્થિતિ જોવા મળે છે. આ મામલે દેશમુખે જણાવ્યું હતું કે ખેડૂતોએ હેરાન થવાની જરૂર નથી. એકાદ તુવેરદાળ ખરીદી કેન્દ્ર બંધ હોય તો સ્થાનિક જિલ્લાધિકારીનો સંપર્ક સાધવો, તેમ પણ તેમણે જણાવ્યું હતું અને જો તે શક્ય ન બને તો મારા નંબર પર સીધો ફોન કરવો, તેમ પણ તેમણે કહ્યું હતું.

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ૧૩મા રાજ્યવ્યાપી...

અનુ. પાના ૧નું ચાલુ...

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના ખેડૂતોને વૈજ્ઞાનિક અને આધુનિક ખેત પદ્ધતિનું જ્ઞાન ઘરે બેઠા મળે તે માટે કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો, એમ જણાવતાં મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે રાજ્યની કૃષિ અને કિસાનોની સમૃદ્ધિ માટે ચાર કૃષિ યુનિવર્સિટીઓમાં કૃષિલક્ષી સંશોધનો હાથ ધરવામાં આવી રહ્યા છે. ખેડૂતોની મહેનત, કૃષિ યુનિવર્સિટીઓના માર્ગદર્શનના સમન્વયથી આગામી ત્રણ વર્ષમાં ખેડૂતોની આવક બમણી થશે તેવો દૃઢ વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતોના હિત માટે રાજ્ય સરકારે લીધેલા નિર્ણયોની વિસ્તૃત જાણકારી આપતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ટેકાના ભાવે ખેડૂતો પાસેથી મગફળી બાદ ૧.૭૫ લાખ મેટ્રીકટન તુવેરની ખરીદી કરી છે. રાજ્ય સરકારે વધુ ૫૦ હજાર મેટ્રીક ટન તુવેર ખરીદવાનો નિર્ણય કર્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ખેડૂતોને સમયસર બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, વીજળી, સિંચાઈ માટેનું પાણી મળી રહે તે માટે સરકારે અગોતરૂં આયોજન કર્યું છે. જેના પરિણામે ગુજરાતનો ખેડૂત આજે ગ્રીન હાઉસ, નેટ હાઉસમાં આધુનિક ખેતી કરી પોતાના ખેત ઉત્પાદનો વિશ્વ બજારમાં નિકાસ કરી રહ્યાં છે.

**પ્રગતિશીલ ખેડૂતોને સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કારો અને આત્મા પુરસ્કારોનું કર્યું વિતરણ**

**મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઈ-સાહિત્ય તથા કૃષિલક્ષી પુસ્તિકાઓનું વિતરણ**

મહેસુલ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ખેડૂતોને રાસાયણિક ખાતર, બિયારણ અને સિંચાઈના પાણીઓ સપ્રમાણ ઉપયોગ કરી ખેતી ખર્ચ ઘટાડી મહત્તમ પાક ઉત્પાદન મેળવવા અનુરોધ કરી ખેડૂતોને પોતાની જમીનની સમયાંતરે ચકાસણી કરાવી જમીનમાં ખૂટતા પોષક તત્વો ઉમેરવા જણાવ્યું હતું. કૃષિ મંત્રીશ્રી ચીમનભાઈ સાપરિયાએ જણાવ્યું કે, રાજ્યમાં છેલ્લા ૧૨ વર્ષથી યોજાતા કૃષિ મહોત્સવના ક્રાંતિકારી પરિણામો મળ્યા છે. વર્ષ ૨૦૦૫માં કૃષિની આવક ૯૦૦૦ કરોડ હતી. જે આજે ૧,૨૬૦૦૦ કરોડ ઉપર પહોંચી છે. જે ખેડૂતોના પરિશ્રમ અને કૃષિ વૈજ્ઞાનિકોના માર્ગદર્શનને આભારી છે. ખેડૂતો માટે કૃષિ સાથે ઊર્જા પણ મહત્વનું અંગ છે ત્યારે ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારે એક વીજ જોડાણમાં બે ઈલેક્ટ્રીક મોટર ચલાવવા, એક સર્વે નંબરમાં બે વીજ જોડાણ આપવા તથા ખેતી આધારિત ઉદ્યોગ સ્થાપવા માટે બિનખેતી પરવાનગી વગર ખેડૂતોને ૨૪ કલાક વીજળી આપવાનો મહત્વકાંક્ષી નિર્ણય સરકારે કર્યો છે તેમ શ્રી સાપરિયાએ જણાવ્યું હતું. વિધાનસભાના મુખ્યદંડક શ્રી પંકજભાઈ દેસાઈએ જણાવ્યું કે કૃષિ મહોત્સવના માધ્યમથી ખેડૂતો પરંપરાગત ખેતીને બદલે વૈજ્ઞાનિક ઢબે અદ્યતન ખેતી કરતા થયા છે. ખેડૂતોની સમૃદ્ધિ માટે કૃષિ પેદાશોની ઉત્પદક્તા વધે તે માટે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે. પ્રવર્તમાન સરકાર કૃષિ - કિસાનોના વિકાસ માટે સંકલ્પબદ્ધ છે, તેમ જણાવતાં રાજ્ય સરકારે ખેડૂતોના હિત માટે લીધેલ કલ્યાણકારી નિર્ણયોની તેમણે વિસ્તૃત માહિતી આપી હતી.

સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું કે કૃષિ મહોત્સવના પરિણામે ખેડૂતોને ઘરે બેઠા ખેતીનું આધુનિક જ્ઞાન મળતાં ખેડૂતોનું આર્થિક જીવનધોરણ બદલાયું છે. ખેડૂતો આર્થિક રીતે વધુ સમૃદ્ધ બને તે માટે સરકારે લીધેલ પગલાંની તેમણે ચણાવટ કરી હતી. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ ખેડૂતોને વાવણીથી માંડી કાપણી સુધી પાકને વીમા હેઠળ આવરી લેવામાં આવ્યો છે. પ્રારંભમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન.સી.પટેલે સૌનો આવકાર કર્યો હતો. આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જયંતિભાઈ સોઢા, સંસદીય સચિવ શ્રી બાબુભાઈ પટેલ, સાસંદ શ્રી દિલીપભાઈ પટેલ, લાલસિંહ વડોદીયા, ધારાસભ્ય સર્વશ્રી કેસરીસિંહ સોલંકી, સંજયભાઈ પટેલ, પૂર્વમંત્રી શ્રી સી.ડી. પટેલ, શ્રી બિમલભાઈ શાહ, પૂર્વ ધારાસભ્ય શ્રી કનુભાઈ ડાભી, કૃષિ વિભાગના અગ્રસચિવશ્રી સંજયપ્રસાદ, પશુપાલન અને સહકાર સચિવશ્રી ડૉ. મુરલીક્રિષ્ના, જી. સી. એમ.સોઢી, કલેક્ટર શ્રી કુલદિપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુધીર પટેલ, કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિઓ, કામધેનું યુનિ.ના કુલપતિ ડૉ. એમ.સી. વાષ્ણેય, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી મનિન્દરસિંહ પવાર, આમંદ અને ખેડાના અગ્રણીશ્રીઓ પદાધિકારીઓ, કૃષિ, સહકાર, પશુપાલન વિભાગના અધિકારીઓ કૃષિ વૈજ્ઞાનિકો સહિત વિશાળ સંખ્યામાં ખેડા આણંદ જિલ્લાનો ખેડૂત સમુદાય હાજર રહ્યો હતો.

## કિસાન સંદેશના અંકો નિયમીત ન મળવા અંગે

'કિસાન સંદેશ' સાપ્તાહિકના અંકો ક્યારેક નહીં મળવાની ફરીયાદો મળે છે તે અંગે સવિનય જણાવવાનું કે ગાંધીનગર કાર્યાલયથી દર સોમવારે તમામ ૩૪ જિલ્લા સહ અલગ પેપર કરીને કોમ્પ્યુટરાઈઝડ રીતે તમામ ગ્રાહકોની સ્લીપ બનાવીને ચોકસાઈ પૂર્ણ રીતે અંકોની રવાનગી કરવામાં આવે છે. જેથી કોઈ મુશ્કેલી પડે નહિં પરંતુ આપને અંક ન મળવાના સંજોગોમાં નીચેના ફોન પર સંપર્ક કરી ધ્યાન દોરવા વિનંતી છે. બીજા તરફ ઘણાં ગામોમાં ટપાલીની અનિયમીતતાઓ પણ ધ્યાન આવેલ છે. તમામ પોસ્ટમેનોએ દરરોજ કેટલી ટપાલ વિતરણ કરી તેનું રજીસ્ટર રાખી રોજ ગામમાંથી કોઈ એક વ્યક્તિની સહી પણ લેવાની હોય છે. તો આપણે તેની પુછપરછ કરીએ અને તેની નિયમીતતા માટે પણ પુછપરછ કરીએ. ફોન નં. ૦૭૯-૨૩૨ ૨૪૯૧૬, મો. ૯૯૦૯૦ ૦૦૨૧૪. આપ ગ્રાહકના સ્લીપ (રેપર) ઉપર આપનું લવાજમ પૂર્ણ થવાની છેલ્લી તારીખ છાપવામાં આવે છે. તે પહેલા નજીકના એજન્ટે રૂા.૨૦૦ના મનીઓર્ડર દ્વારા લવાજમ આગોતરૂ ભરી આપના અંકની નિયમીતતા કરવા પણ વિજ્ઞપ્તી સહ...

# કૃષિ મહોત્સવ—૨૦૧૭ ના આયોજન માટે જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ...

કૃષિ મહોત્સવ– ૨૦૧૭ ના આયોજન માટે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નિવાસી અધિક કલેક્ટરશ્રી તેમજ તમામ લાઇન ડિપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. બેઠકમા કૃષિ મહોત્સવ ૨૦૧૭ તારીખ ૬-૦૫-૨૦૧૭ થી ૨૭-૦૫- ૨૦૧૭ ના સમયગાળામાં આયોજિત થયેલ છે ત્યારે બનાસકાંઠા અને પાટણ જીલ્લા માટે તારીખ ૨૦-૦૫-૨૦૧૬, ડીસા ખાતે કાર્યક્રમ યોજાનાર છે.

તેના આયોજનની ચર્ચા હાથ ધરતા સરકારશ્રીમાંથી માર્ગદર્શક સુચનાઓને અનુરૂપ આયોજન અને અમલીકરણ થાય તે બાબતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, રાજેશ રાજ્યગુરુએ અનુરોધ કરતા વિભાગવાર આયોજનની સમીક્ષા હાથ ધરી કૃષિ મહોત્સવ-૧૭ માં પાટ્ણ જીલ્લાને ૭૦ બસની ફાળવણી કરવામાં આવેલ છે. જેમા પાટણ ૧૨, સરસ્વતી ૧૨, સિધ્ધપુર-૮, ચાણસ્મા ૮, રાધનપુર-૧૦, સમી- ૫, હારીજ-૫, શંખેશ્વર- ૫ અને સાંતલપુર- ૫ ના બસ રૂટનું આયોજન કરવામા આવેલ છે. તેની વિગતો રજુ કરવામા આવી અને અંદાજી ૪૦૦૦ પ્રગતિશીલ ખેડુતો હાજર રહે તેવું આયોજન આત્મા અને વિસ્તરણ તંત્ર મારફત થયેલ છે. જે મુજબ પુરતી સંખ્યામાં ખેડુતો અને ખાસ કરીને મહિલા ખેડુતો ભાગ લે તે જોવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ અનુરોધ કર્યો હતો. કૃષિ મહોત્સવની મુખ્ય થીમ “પશુપાલન, સહકાર અને ડેરી” હોઇ સંલગ્ન વિભાગોની કલ્યાણકારી યોજનાઓની જાણકારી ખેડુતો સુધી પહોંચે અને વૈજ્ઞાનિક ઢબે ખેતી માટે તજજ્ઞો તથા કૃષિ વૈજ્ઞાનિકોના માર્ગદર્શનથી ખેતી ખર્ચમાં ઘટાડો કરી કૃષિની નેટ આવકમાં નોંધપાત્ર વધારો થાય તેવા ઝુંબેશના સ્વરૂપમાં પ્રયત્નોક હાથ ધરવા ખાસ ભાર મુકવા તેઓશ્રીએ જણાવ્યું હતું. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, શ્રી ડી. એલ. પરમારશ્રીએ આયોજનની વિગતો પરત્વે સ્વચ્છ ભારત મિશન, આવાસ યોજના અને ખાસ કરીને મહાત્મા ગાંધી નરેગા યોજના હેઠળ ખેડુતો ખેત તલાવડી, આડ બંધ અને કેટલ શેડ માટે સરકારશ્રીની યોજના થકી લાભ લે તે માટે વિગતો રજુ કરી મહત્તમ ખેડુતો સુધી આ વાત પહોંચાડવા અભિયાન હાથ ધર્યુ છે તેમ જણાવ્યું હતું. આ તક્કબે ગામ દીઠ પાંચ ખેત તલાવડી બનાવવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ અનુરોધ કર્યો હતો. સાથો સાથ કુપોષણ નાબુદી, બેટી બચાવો સહિત મહિલા સશક્તિકરણને પ્રાધાન્ય આપવા તેઓશ્રીએ અનુરોધ કર્યો હતો.

આત્મા દ્વારા આયોજન પરત્વે ખેડુતો કૃષિ તાંત્રિકતા બાબતે કૃષિલક્ષી નવીન ટેકનોલોજી બાબતે સાત કિસાન ગોષ્ઠીનું આયોજન રાખવા અને ખેડુતોને માર્ગદર્શન આપવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ અનુરોધ કર્યો હતો. આઇ ખેડુત પોર્ટલ પર થયેલ અરજીઓ પરત્વે ખેતીવાડી વિભાગની ૧૨૩૭, બાગાયતની ૪૦૦, પશુપાલન વિભાગની ૧૧ અરજીઓનો વિવિધ સરકારશ્રીની યોજનાનો લાભ મળી રહે તે હેતુસર મંજુરી હુકમ આપવા લક્ષાંક નક્કી કરવામા આવ્યો હતો. વધુમાં સુક્ષ્મહ પિર્યત પધ્ધતિનો ઉપયોગ કરવા તેમજ બાગાયતી ખેતી તરફ વળવા ખેડુતોને સમજાવી આ ગાળામાં ૧૦૦ અરજીઓના વર્ક ઓર્ડર આપવા આયોજન રાખવા જીજીઆરસીને જણાવ્યું હતું. સરકારશ્રી તારની વાડ ૨૦ હેક્ટર ક્લસ્ટરમાં બનાવવા મહત્તમ પ્રચાર પ્રસાર કરી આ ગાળામાં ૧૦૦ અરજીઓ લક્ષાંક રાખવા જીએલડીસીને જણાવ્યું હતું. આ ગાળામાં નવા વિજ કનેક્શન અને સોલાર આધારીત વિજ કનેક્શન માટે ૧૦૦ અરજીઓ લક્ષાંક રાખી અરજીઓ પરત્વે કાર્યવાહી કરવા યુજીવીસીએલને જણાવ્યું હતું. સોઇલ હેલ્થસ કાર્ડ ૧૦,૦૦૦ ખેડુતોના ખેતરની માટીના નમુના લઇ જમીન ચકાસણી પ્રયોગશાળામાં ચકાસણી અર્થે મોકલવા કામગીરી હાથ ધરવા લક્ષાંક નક્કી કરવામાં આવ્યો. વધુમા આધાર કાર્ડ, મા કાર્ડ વગેરેની કામગીરી કરવા ખાસ અભિયાન હાથ ધરવા જણાવ્યું હતું. પશુપાલન વિભાગના આયોજન પરત્વે ચર્ચા કરતા પશુ આરોગ્યભ મેળા તા ૧૨- ૫-૧૭ મેળોજ, તા. સિધ્ધપુર ખાતે રાખવામા આવેલ છે. તેના સહિત કુલ ૫ પશુ આરોગ્યન મેળા યોજવા તથા ગળસુંઢા રોગ નિયંત્રણ માટે પશુ રસીકરણ ૧,૫૦,૦૦૦ પશુઓ માટે આયોજન, ૫૦,૦૦૦ ઘેટા-બકરા માટે કૃમિનાશક દવા પિવડાવવા માટે આયોજન નક્કી થયું હતું. આ સમયગાળામાં જીલ્લામાં ચેક ડેમ અને ખેત તલાવડી બનાવી જળસંગ્રહ માટે જિલ્લા જળસ્ત્રાવ, સિંચાઇ વિભાગ, જી. એલ. ડી. સી. મારફત અભિયાન હાથ ધરવા નિવાસી અધિક કલેક્ટરશ્રીએ ખાસ ભાર મુક્યો હતો. વન વિભાગ દ્વારા દસ લાખ રોપા ઉછેર માટે આયોજન કરેલ છે તેની વિગતો રજુ કરી. આ બેઠકમા પ્રદેશ ભાજપના શ્રી લાલુભાઇ પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રીશ્રી ભાવેશભાઇ પટેલ, કિસાન મોરચાના શ્રી મગનભાઇ પટેલ સહીત ખેતીવાડી, બાગાયત, આત્મા, યુ જી વી સી એલ, વન વિભાગ, સિંચાઇ વિભાગ, જી એલ ડી સી સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ‘ડીસા તાલુકાના નાની આખોલ ગામના... અનુ. પાના ૮ નું ચાલુ

તેમણે કહ્યું કે ૧ વીઘા જમીનમાંથી અંદાજે ૭૦ થી ૭૫ હજારની આવક થઇ છે આમ બાજરીના પાક કરતાં સક્કર ટેટીના પાકમાં ઓછા સમયમાં સારી કમાણી થાય છે. તેમણે કહ્યું કે આ વર્ષે બનાસકાંઠા જિલ્લામાં સક્કર ટેટીનું મબલખ વાવેતર અને ઉત્પાદન થયું છે. ખેડુતોએ સક્કર ટેટીનું મબલખ ઉત્પાદન કરતાં ભાવ પણ ઉંચા ગયા નથી તેથી ગરીબ લોકો પણ સક્કર ટેટી ખરીદીને ખાઇ શકે છે. તેમણે કહ્યું કે કે મને એ વાંઇનો આનંદ છે કે જે માણસ ગરીબ હોય તે પણ મીઠી મધ જેવી સક્કર ટેટી ખાવાનું વિચારતો હતો પરંતુ મોંઘા ભાવે ખરીદીને ખાઇ શકતો નહોતો અત્યારે બનાસકાંઠામાં સક્કર ટેટીના બમ્પર ઉત્પાદનને લીધે કાળઝાળ ગરમીમાં દરેકના પેટને ટાઢક આપવાનું કામ સક્કર ટેટી કરી રહી છે. જેનો શ્રેય બનાસકાંઠાના મહેનતું અને નવી ખેતી કરવા માટે જાણીતા ખેડુતોને જાય છે.

## WHATSAPP MASSAGES

ભાવનગરના વતની જનાર્દનભાઈ ભટ્ટ સ્ટેટ બેન્કના કલાર્ક તરીકે સેવાઓ આપતા હતા. વર્ષો સુધી બેંક યુનિયનના હોદ્દેદાર તરીકે બેન્ક કર્મચારીઓના પ્રશ્નોના નિરાકરણમા ખુબ મહત્વની ભૂમિકા પણ ભજવતા. આજે આપને વાત કરવી છે જનાર્દનભાઈના રાષ્ટ્રપ્રેમની, સૈનિકોના સમર્પણ પ્રત્યેના એના આદરની.

જનાર્દનભાઈની ઉંમર અત્યારે ૮૪ વર્ષ છે. બેન્કમાંથી નિવૃત્ત થઈને મસ્ત મજાની જિંદગી જીવે છે. બેન્કના સારા પગાર અને યોગ્ય સમય યોગ્ય જગ્યાએ કરેલા રોકાણને કારણે બચત પણ સારા એવા પ્રમાણમાં કરી છે એટલે બીજી કોઈ ચિંતા નથી. આતંકવાદી કે નકસલી હુમલાને કારણે શહીદી વહોરનાર વીર સૈનિકોના બલિદાનની વાતો વાંચી સાંભળીને જનાર્દનભાઈને દેશ માટે પ્રાણ ન્યોછાવર કરનાર સૈનિકો માટે અને એના પરિવાર માટે કંઈક કરવું હતું.

જનાર્દનભાઈએ વિચાર્યુ કે ‘હવે મને ૮૪ વર્ષ થયા. બાકીના સમયની જરૂરિયાત પૂરી કરવા માટે જેટલી રકમની જરૂર પડે એના કરતા વધુ બચત છે. કરકસર કરીને બચાવેલી આ મૂડી દેશની રક્ષા માટે પરિવારનો પણ વિચાર ના કરનારા સૈનિકોના કલ્યાણ માટે મારે આપી દેવી છે. ભગવાને મને સંતાન નથી આપ્યું પણ દેશ માટે સતત જાગૃત રહેતા જવાનો મારા સંતાનો જ છે. યુનિયનના નેતા તીરકે કર્મચારીઓના પ્રશ્નો હલ કર્યા હવે મારા સૈનિકોના પ્રશ્નો હલ કરવામાં કુલ મહી તો ફૂલની પાંદડી રૂપે કંઈક યોગદાન આપવું છે’ જનાર્દનનો અર્થ થાય વિષ્ણુ, શંકર કે પરમાત્મા. જનાર્દનભાઈએ ખરેખર એના નામના અર્થને સાર્થક કર્યો છે.

વિચાર તો આપણને પણ આવે છે પણ થોડા દિવસોમાં દેશભક્તિનો ઉભરો ઉતરી જાય છે. જનાર્દનભાઈએ એના વિચારોને વાસ્તવિક્તામાં બદલ્યા. પોતાની બધી જ બચત રકમનો ચેક તૈયાર કરીને ‘નેશનલ ડિફેન્સ ફંડ’માં સૈનિકોના કલ્યાણ માટે દાનમાં આપી દીધી.

તમે કલ્પના કરી શકો કે બેંકમાં કલાર્ક તરીકે નોકરી કરનાર મધ્યમ વર્ગના આ માણસે કેટલી રકમ આપી હશે ? પુરા ૧,૦૦,૦૦,૦૦૦/- હા બીજી વાર વાંચી લો એક પણ મીંડુ વધુ નથી લાગ્યું. પુરા એક કરોડ રૂપિયા આ માણસે દેશના સૈનિકો માટે આપી દીધા. કોઈ અબજોપતિ માણસ એક કરોડ આપે તો સમજી શકાય પણ કોઈ સામાન્ય માણસ એની વૃદ્ધાવસ્થામાં મારણમૂડી સમાન બચત દેશના સૈનિકોને અર્પણ કરી દે એ બહુ મોટી વાત છે. છાપાના સમાચારો વાંચીને આપણે માત્ર બળાપો કાઢવાનું કામ કરીએ છીએ અને જનાર્દનભાઈ ભટ્ટ જેવા મુઠ્ઠી ઉંચેરા માણસ નક્કર કામ કરે છે. આજે જ્યારે લોકો અંગત સ્વાર્થ માટે દેશને પણ લૂંટાવાનું કામ કરી રહ્યા છે ત્યારે દેશ માટે અંગત બચત આપી દેનારા મહામાનવને સો સો સલામ.

# અળસીયાનું ખાતર બનાવવાની રીત અને તેની કેટલીક અગત્યતા

શ્રી એસ.એચ. લાખાણી, ડૉ. વિ.સી. ગઢિયા, શ્રીમતી એ.કે. બારૈયા અને ડૉ. કે.પી. બારૈયા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જામનગર

**(ગતાંકથી આગળ....)**

- અળસીયાની પ્રજાતિ એવી પસંદ કરવી કે જુદા જુદા ઉષ્ણતામાને ઉંચી કાર્યક્ષમતાથી કાર્ય કરી શકે.
- જુદા જુદા પ્રકારનો સેન્દ્રિય કચરો પોતાના ખોરાકમાં ઉપયોગ કરી શકે તેવી પ્રજાતિ હોવી જોઈએ.
- વધુ પ્રમાણમાં ઈંડા મુકતા હોવું જોઈએ તદ્‌ઉપરાંત ઈંડામાંથી ઈયળ અવસ્થામાં પહોંચવામાં ઓછામાં ઓછો સમય જતો હોવો જોઈએ.
- નાની ઈયળમાંથી પુખ્ત અવસ્થાએ પહોંચવામાં ઓછામાં ઓછો સમય જવો જોઈએ.
- જમીનની ઉપરની સપાટી તથા જમીનના ઉપરના પડમાં બધે સેન્દ્રિય કચરાનું વિઘટન કરવાની કાર્યક્ષમતા ઉંચી હોવી જોઈએ.
- એક વખત કલ્ચર નાખ્યા પછી તે અળસીયા ઝડપથી કાર્યરત થવા જોઈએ.
- સેન્દ્રિય પદાર્થની ઉપરની સપાટી પણ અળસીયા ખાઈ શકે તેવું હોવું જોઈએ.

અળસીયાને ઊંઘ કે આરામ નથી. તે સતત માટી, સેન્દ્રિય પદાર્થો તથા છાણ ખાય છે, તે એક દિવસમાં પોતાના શરીરના વજનથી દોઢ થી બે ગણો સેન્દ્રિય કચરો ખાય છે. જે પૈકી ૫ થી ૧૦ ટકા ખોરાક પોતાના વિકાસ માટે વાપરી બાકીના અગાર આધાર રૂપે બહાર કાઢે છે. જેમાં સામાન્ય રીતે જમીન કરતા ખુબ જ વધુ પ્રમાણમાં લભ્ય પોષક તત્વો હોય છે. ઉપરાંત કાર્બોદિત રસાયણોની ઉત્પત્તિથી પોષક તત્વોની લભ્યતા પણ વધે છે. સેન્દ્રિય પદાર્થોના વિવિધ સ્ત્રોતો જેવા કે કપાસ, એરંડા, તલ, તુવેર વગેરે પાકની કરાંઠી સામાન્ય સંજોગોમાં વેડફાઈ જાય છે. અથવા બાળી નાખવામાં આવે છે. આ ઉપરોક્ત ખેત ઉદ્યોગની આડપેદાશો, નિંદામણ, સુબાબુલ, ગ્લીરીસીડીયા, શણ, ઈક્કડ વિવિધ વૃક્ષોના પર્ણો તેમજ પશુધન દ્વારા મળતું છાણ ઉપરાંત અન્ય લભ્ય પદાર્થોને એકઠા કરી અળસીયાની મદદથી ખાતર બનાવી શકાય. જે સામાન્ય ખાતર કરતા ઉચ્ચ ગુણવત્તાવાળું બને છે અને અળસીયાની મદદથી તૈયાર થયેલ (અગારવાળું) ખાતરને વર્મી કમ્પોષ્ટ કહેવાય છે.

કુંવા અથવા વાડીની બાજુમાં પાણીની લભ્યતા હોય તેમજ ગરમી અને વરસાદથી રક્ષિત જગ્યાએ ૩મીટર (૧૦ ફૂટ) પહોળો અને પાકના અવશેષોની લભ્યતા તેમજ ખાતરની જરૂરીયાત ધ્યાને લઈ ૧૨ થી ૩૦ મીટર (૪૦ થી ૧૦૦ ફૂટ) લંબાઈના સેડમાં ૨૦ તી ૩૦ સે.મી. (પોણા તી એક ફૂટ)નો તર કરી વચ્ચેની જગ્યામાં રેતી ભરી સપાટ કરવું. ઈંટોથી ભેજની જાળવણી સારી રીતે થાય છે. ઈંટોમાં ભેજ લાંબા સમય સુધી જળવાઈ રહે છે. તેમજ ભેજ ઓછો હોય ચો અળસીયા જીવંત રહે છે.

તેના પર ઘાસ પાકના પાન, શેરડીની પાતરી તેમજ જલ્દી કોહવાઈ ન જાય તેવા પાક જેવા એરંડી, કપાસ, કુવેર, તલ વગેરેની કરાંઠીના નાના નાના ટુકડા બનાવી મિશ્રણ કરી વચ્ચે છાણની રબડી અને પાણી ઉમેરતા રહી ૧૫ થી ૨૦ સે.મી. (અર્ધા ફૂટ)નો થર કરી જરૂરિયાત મુજબ દશેક દિવસ ભીંજવતા રહેવું. ત્યારબાદ પ્રતિ મીટરે એટલે કે ૯૦ સે.મી. (ત્રણ ફૂટ) પ્રમાણે ૫૦૦ ગ્રામ અળસિયા ઉમેરી રોપાણ કરવું. ભેજનું પ્રમાણ જાળવી રાખવા પાણીનો છંટકાવ કરતા રહેવું.

વધુ આવતાં અંકે

# ગીર ગાય અને જર્સી વચ્ચે તફાવત

**ગીર ગાય**

⇛ ગાય છે
⇛ પીઠ પર ખૂંધ હોય છે
⇛ તે ૧૫ કરતા વધારે વખત માં બની શકે છે.
⇛ તેનું દૂધ એ-૨ પ્રકારનું હોય છે. તેના ૧ લિટર મૂત્રમાં ૩ થી ૧૦ મીલીગ્રામ સોનું હોય છે. (જૂનાગઢ કૃષિ યુનિ. ના છેલ્લા સંશોધન પ્રમાણે) જે ચિકિત્સા માટે ઉપયોગી છે.
⇛ ખુબ ઓછી બિમાર પડે છે.
⇛ ગમે તેવી ગરમીમાં પણ ભરપૂર દૂધ આપે છે.
⇛ તેના બળદ ખેતી માટે ઉપયોગી હોય છે.
⇛ ૮૦૦૦ થી ૯૦૦૦ ફૂટ ઊંચાઈ વાળી જગ્યાએ જઈ શકે છે.
⇛ તે ખુબ જ સુંદર અને ભાવનાત્મક હોય છે. તેને તેના વાછરડા પ્રત્યે અપાર પ્રેમ હોય છે. જેને તે હજારો વાઢરડામાંથી ઓળખી લે છે.
⇛ તે ભારતની ભૂમિ પર વર્ષોથી સ્થાયી છે. અહીંની આબોહવા તેમને અનુકૂળ છે.
⇛ તેના મૂત્રમાંમળી આવતા ૫૧૦૦ તત્વોમાંથી ૩૮૮ તત્વો ઔષધિય ઉપયોગિતા ધરાવે છે. તેનું દૂધ અમૃત છે. તેમાંથી એન્ટિબાયોટિક તત્વો મળી આવે છે તેનું દૂધ બુદ્ધિ વર્ધક છે.

**જર્સી ગાય :**

⇛ પ્રાણી છે
⇛ પીઠ પર ખૂંધ હોતી નથી
⇛ તે ૪ થી ૫ વખત માં બની શકે છે.
⇛ તેનું દૂધ એ-૧ પ્રકારનું હોય છે. જેમાં BCM-૭ તત્વો હોય છે જે મુધપ્રમેહ, સાંધાના દુઃખાવા, કેન્સર જેવા રોગો ઉત્પન્ન કરે છે.
⇛ વારંવાર બિમાર પડે છે. Mad Cow Disease રોગ થાય છે.
⇛ ગરમી સહન કરી શકતી ન હોવાથી દૂધ ઘટી જાય છે.
⇛ તેના બળદ ખેતી માટે ઉપયોગી હોતા નથી.
⇛ ૧૦ મીટરથી વધારે ઉંચાઈ પર જઈ શકતી નથી.
⇛ તે બદસુરત અને ભાવનાવિહીન હોય છે. તેને તેના વાછરડા પ્રત્યે કોઈ લગાવ હોતો નથી, તેને ઘણીવાર ઓળખી પણ શકતી નથી.
⇛ તે વિદેશથી ભારત લાવવામાં આવી છે. ભારતના હવા પાણી તેમને માફક નથી.
⇛ તેના દૂધમાં હાનિકારક પદાર્થો હોય છે. (ડેનમાર્કમાં માનવ વસ્તિ કરતાં જર્સી પ્રાણીની વસ્તિ વધારે છે) તે લોકો ચા પણ દૂધ વગરની પીવે છે. ત્યાં એક ઉક્તિ છે કે ‘Milk is a White Poison.’

# ગોરસ વિજ્ઞાન

ડૉ. હિતેશભાઈ જાની
હેડ - પંચકર્મ વિભાગ,
ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, જામનગર




ગાયના દ્વારા મળતા પદાર્થોને ‘ગવ્ય’ કહેવાય છે તેમાંથી ‘ગોમૂત્ર’ અને ‘ગોમળ’ને બાદ કરતાં અને ખાસ કરીને ‘દૂધ’ અને તેમાંથી બનતા આગળ ઉપરના પદાર્થોને ‘ગોરસ’ કહેવાય છે. જેમ કે... (૧) દૂધ (૨) દહીં (૩) છાશ (૪) માખણ (૫) ખીરૂ (તાજી વિયાયેલી ગાયનું ૨ -૩ દિવસનું ઘાટું દૂધ) (૬) પનીર ઈત્યાદી પદાર્થો ‘ગોરસ’ શ્રેણીમાં આવે છે. ‘ઘી’ દૂધ માંથી બનતો પદાર્થ છે પરંતુ એના વિશિષ્ટ રૂપાંતર અને ગુણવત્તાના કારણે ‘ઘી’ ની શ્રેણી નવી, અલગ કરવામાં આવેલ છે.

– પાત્રમાં નીચે રહેલા ઘટ્ટ ઘીને થીણુ ઘી કહે છે.
– વચ્ચે રહેલા પ્રવાહી ઘી ને ‘ઘતચંડ’ કહેવ છે.
– ઉપરની જામેલી તરને પરત કહે છે.

ઘી સામાન્ય રીતે તાજું લેવાય છે. ઘીની ભોજનમાં ઉપયોગિતા ૨-૧/૨ મહિના જેટલી હોય છે. બહુ જૂનું ઘી ભોજનમાં વપરાતું નથી. પરંતુ ‘ઘી’ જેમ જૂનું થાય તેમ તેનામાં ઔષધીય ગુણાંક વધતા જાય છે. (૧) ૧ વર્ષ જૂનું (૨) ૧૦ વર્ષ જૂનું (૩) ૧૦૦ વર્ષ જૂનું (૪) ૧૦૦૦ વર્ષ જૂનું ઉપરોક્ત સર્વે પ્રકારના ઘીના વિવિધ ઔષધીય ઉપયોગ છે.

**ગાયનું દૂધ**

આમ તો ‘કાળી, ધોળી, રાતી ગાય’ એવું જોડકણું આપણે સાંભળ્યું હશે. પરંતુ ગાયના વર્ણ (રંગ) અનુસાર એના દૂધના ગુણમાં ફેરફાર હોય છે એ શું તમે જાણો છો ?

– કાળી ગાયનું દૂધ ગુણમાં શ્રેષ્ઠ છે, તે વાયુ નાશક છે.
– સફેદ ગાયનું દૂધ ગુરુ છે. કફ કારક છે.
– પીળી ગાયનું દૂધ પિત્ત અને વાયુનો નાશ કરે છે.
– લાલ અને કાબરચીતરી ગાયનું દૂધ પણ વાયુનો નાશ કરે છે.

જે ગાયનો રંગ તેના વાછરડાના રંગ સાથે મળતો આવતો હોય તેના દૂધની પ્રસંશા કરવામાં આવેલ છે. આનુવાંશિક વિશષતાના કારણે તેના દૂધની ગુણવત્તા વધારે હોય છે.

ગીર (સૌરાષ્ટ્ર), શાહીવાલ (પંબાજ), હરીયાણવી (હરીયાણા), રેડસીંધી (કાબુલ - મુલતાન), સિહી (નેપાળ - (મણીપુર), વિસુર (કેરાલા), માલાડગીઢા (કર્ણાટક) વગેરે ગાયો પીળી, તામ્ર વર્ણની કે લાલ રંગની હોય છે.

કાંકરેજ (ઉત્તર ગુજરાત), નાગોરી (રાજસ્થાન), થરાપારકર (રાજસ્થાન - સિંધ), રાઠી (રાજસ્થાન), દેવની (મહારાષ્ટ્ર) વિગેરે ગાયો સફેદ રંગની હોય છે. આંધ્રની ઓંગોલ, દાર્જીલિંગ / સિક્કિમની ગાયો શ્યામ કે કૃષ્ણવર્ણની હોય છે.

**વયઅનુસાર ગાયના દૂધના ગુણ :**

– જે ગાય તરૂણી ૪ થી ૮ વર્ષની હોય છે તે ગાયનું દૂધ મધુર, રસાયન અને ત્રિદોષ નાશક તેમજ વધુ બળદાયક હોય છે.
– બહુ વૃદ્ધ ગાય (પાકટ) નું દૂધ બળહીન હોય છે.
– ગાય ગાભણ થાય પછી ચોથા મહિના પછી દૂધ લેવું જોઈએ નહીં.
– બીજી - ત્રીજી વિયાણનું દૂધ ઘણું સારું હોય છે.
– વિયાણ પછી ૧૦ થી ૧૨ દિવસ પછી દૂધ ઉપયોગમાં લેવું.
– પાત્ર અનુસાર ગાયના દૂધના ગુણ :
– તામ્ર પાત્ર (તાંબાના વાસણ)માં રાખેલુ દૂધ વાયુનો નાશ કરે છે.
– રૌપ્ય પાત્ર (ચાંદીના વાસણ)માં રાખેલુ દૂધ કફ નાશક છે.
– સુવર્ણ પાત્રમાં રાખેલુ દૂધ પિત્તનાશક બને છે.

**સમય અનુસાર ગાયના દૂધના ગુણો :**

– સવારનું દાયેલુ દૂધ પચવામાં ભારે હોય છે.
– ગાય દિવસ દરમ્યાન ચરવા જાય છે એટલે તેને કસરત મળે છે. વળી વિવિધ વનસ્પતિઓનો ચારો લેવાથી તેમાં તેના ગુણો ભળે છે. એટલે સાંજનું દોએલુ દૂધ પચવમાં હલકું, વાયુ અને કફનો નાશ કરનારુ તેમજ આંખો માટે સારું હોય છે. એટલે શાસ્ત્રકારોએ સાંજના દૂધને શ્રેષ્ઠ કહ્યું છે.

ક્રમશ :

## મહેસૂલ વિભાગ દ્વારા

# વિકસાવયેલ ઓનલાઈન પદ્ધતિનું લોન્ચીંગ કરતા મહેસૂલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

રાજયના કુલ ૧૮,૫૯૫ ગામે પૈકી ૯,૮૮૬૩ ગામોના હક્કપત્રકની (ગામ નમૂના નંબર-૬ નોંધ) હવે લાભાર્થીઓ ઓનલાઈન જોઈ શકે તેવી ઓનલાઈન સિસ્ટમ મહેસુલ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે લોન્ચ કરી હતી. આ સિસ્ટમ અંતર્ગત હસ્તકપત્રકની અતિ મહત્વની નોંધો કે જે અગત્યનું મહેસુલી રેકર્ડ છે તે નોંધો http://anyror.gujarat.gov.in પરથી જનતાને ઓનલાઈન પ્રાપ્ત થશે. ઉલ્લેખનીય છે કે આ પ્રકારની નોંધે મેળવવામાં પહેલા ખૂબ જ વિલંબ થતો હતો પરંતુ હવે આ વિલંબ દૂર થશે. સાથોસાથ જુની નોંધોની નકલો માટે અરજી આપ્યા બાદ મામલતદાર કચેરી તેની નકલો કરાવે તેને પ્રમાણિત કરીને રાજયના ખેડૂતો / નાગરિકોને આપે તેમાં ઘણો સમય વ્યતિત થતો હતો. રેકર્ડની નકલો કરાવવામાં રેકર્ડ ફાટી જાય અને અરજીના ક્રમ પ્રમાણે નકલ તૈયાર થાય, ફી ભરાય તેમાં ખૂબ જ સમય લાગતો હતો આ મુશ્કેલી હવે દૂર થશે. મહેસૂલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, બાકીના ૮,૭૧૨ ગામોની નોંધો ઓનલાઈન કરવાની પ્રક્રિયા આગામી બે માસમાં પૂર્ણ થયે. ગુજરાત સમગ્ર દેશમાં લેનરેકર્ડ કોમ્પ્યુટરાઈઝડ ક્ષેત્રે અગ્રીમ હરોળનું રાજ્ય બનશે.

**હવેથી હસ્તલિખિત હક્કપત્રક જનતાને ઓનલાઈન પ્રાપ્ત થશે**

મહેસૂલી અધિકારીઓને જમીનને લગતા પ્રકરણોમાં તમામ નોંધોની જરૂરિયાત રહે છે. અરજદાર દ્વારા રજૂ થયેલી નોંધો ચકાસવાની જરૂરિયાતના સમયે અધિકારીઓ પણ પોતાના લોગઈનમાંથી આ નોંધો જોઈ શકશે જેથી મહેસૂલી કામોમાં ત્વરા આવશે અને પ્રજાલક્ષી કામોનો ઝડપી નિકાલ થશે. આ સુવિધા ઉપરાંત આ ઓનલાઈન પદ્ધતિમાં વધુ એક સુવિધા પણ પૂરી પાડવામાં આવી છે. મહેસૂલી પ્રકરણો માટે જરૂરી નોંધોનું સાંકળિયુ માત્ર બે ક્લિક પર પ્રાપ્ત થશે અને જે તે સર્વે નંબરને લાગુ નોંધોની પ્રિન્ટ માત્ર બે ક્લિક પર પ્રાપ્ત થશે. હવે અરજદારોએ નોંધોના નંબર લખવાની જરૂરિયાત નહિ રહે અને માત્ર સરવે નંબર જણાવવાથી તેને લગત તમામ નોંધોની પ્રિન્ટ, પ્રતિનોધ રૂા. ૫ થી પ્રાપ્ત થશે.

ઉલ્લેખનીય છે કે, સને ૨૦૦૫માં રાજ્યની તમામ જમીનોના રેકર્ડ ઓનલાઈન થયા હતા. હસ્તકપત્રકની નોંધો ઓનલાઈન થઈ અને હક્કપત્રકની નોંધો ઓનલાઈન થઈ અને રાજ્યમાં ઈ-ગવર્નન્સનો નવો યુગ શરૂ થયો ગુજરાત સરકારે વખતોવખત ઐતિહાસિક અને પ્રજાલક્ષી નિર્ણયો લઈને જમીન મહેસૂલ વ્યવસ્થાને લોકોપયોગી બનાવવાની દિશામાં સતત પ્રયત્નો કરીને સરળ પ્રક્રિયા બનાવવાની દિશામાં જ આગેકૂચ કરેલ છે. સને ૨૦૦૮ થી જુની નોંઘધો સ્કેનિંગ કરીને કોપિંગ અને ઈન્ડેક્ષીંગ કરીને પ્રજા માટે આંગળીના ટેરવે મૂકવા માટેના પ્રયત્નો કરેલ છે. આ પંચનો આજે સફળતામાં પરિવર્તિત થવા જઈ રહ્યા છે. કુલ ૨,૬૪,૨૫,૧૫૧નોંધો ડિજીટલાઈઝ થયેલ છે.

# 'ડીસા તાલુકાના નાની આખોલ ગામના ખેડુત રમેશભાઇ ગેહલોતે સક્કર ટેટીની મીઠી મધ જેવી ખેતી કરી બમ્પર ઉત્પાદન મેળવ્યું'

આજના સ્પર્ધાત્મક યુગમાં દરેક જગ્યાએ સ્પર્ધા ચાલે છે. સ્પર્ધામાં ટકવા માટે નવા સંશોધનો અને નવી ટેકનોલોજીની મદદથી સમયની સાથે બદલાવ લાવવો જરૂરી છે. ખેતીમાં પણ નવા પરિવર્તનો સાથે આયોજન અને આધુનિક ખેત પધ્ધતિઓ અપનાવવાથી ઓછી મહેનતથી પણ ખુબ સારી આવક મેળવી શકાય છે. ખેતીમાં ધરમૂળથી ફેરફાર લાવવા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરાવેલ કૃષિ મહોત્સવ અભિયાનને જબરદસ્ત સફળતા મળી છે. એટલે જ રાજય સરકાર ધ્વારા દર વર્ષે કૃષિ મહોત્સવનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવે છે. જેના પરિણામે રાજયભરના ખેડૂતોને ઘેરબેઠા આધુનિક ખેતી અને કૃષિ વિકાસ માટેનું વિપુલ માર્ગદર્શન અને માહિતી મળે છે જેનાથી રાજયની કૃષિ આવકમાં વિક્રમજનક વધારો થયો છે. જે ખેડુતોએ કૃષિ મહોત્સવનો લાભ લઇ વૈજ્ઞાનિક પધ્ધતિઓ અને બજાર વ્યવસ્થાને ધ્યાનમાં રાખી આયોજનપૂર્વક ખેતી કરે છે તેમની આવકમાં મબલખ વધારો થયો છે. આજે આપણે વાત કરવી છે બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના નાની આખોલ ગામના ખેડુતશ્રી રમશેભાઇ ગોરધનજી ગેહલોતની.

શ્રી રમેશભાઇ ગેહલોતે તેમના ફાર્મમાં ઉનાળું સીઝન સક્કર ટેટીનું વાવેતર કર્યુ છે. તેમણે પોતાના ખેતરમાં પ્રથમ વખત જ સક્કર ટેટીનું વાવેતર કર્યુ છે. તેઓ પોતાની બધી જમીનમાં ટપક પધ્ધતિથી ખેતી કરે છે એટલે પાણીનો પણ બગાડ થતો નથી. તેમણે એક મુલાકાતમાં જણાવ્યું કે, ગુજરાત સરકારના કૃષિ મહોત્સવથી ખેડૂતોને જબરદસ્ત. ફાયદો થયો છે. કૃષિ મહોત્સવમાં મળેલા માર્ગદર્શનથી ખેડુતો આયોજનબધ્ધ ખેતી અને મબલખ ઉત્પાદન મેળવતા થયા છે. તેમણે કહ્યુ કે આ જમાનામાં ઓછા પાણી અને ઓછી મહેનતથી સારી આવક મેળવી શકાય છે. તેમણે કહ્યુ કે આ વર્ષે મેં ઉનાળાની સીઝનમાં બાજરી વાવવાને બદલે સક્કર ટેટી વાવવાનો વિચાર કર્યો અને સક્કર ટેટીમાં સારુ ઉત્પાદન આપતી ગોલ્ડન ગ્લોરી જાતનું બિયારણ લાવી તેનું વાવેતર કર્યુ. સમયસર પાણી આપી તેની સંભાળ લીધી તો માત્ર ૬૦ દિવસના ટુંકાગાળામાં ખુબ સારું ઉત્પાદન થયું છે.

અનુ. પાના ૬ પર

# અનાજનું ઉત્પાદન રેકોર્ડ સ્તર પર પહોંચે તેવી વકી

## અગાઉના વર્ષની તુલનામાં વધારે ઉત્પાદન થશે : કઠોળ, શેરડી અને અન્ય પાકના ઉત્પાદનમાં પણ વધારો રહેશે

દેશમાં ખાદ્યાન્ન ઉત્પાદન જૂન-૨૦૧૭માં પુરા થઈ રહેલા પાક વર્ષમાં રેકોર્ડ ઉંચા સ્તર પર પહોંચવાના એંધાણ છે. ગયા વર્ષે મોનસૂનની સ્થિતિ સારી રહેવાના લીધે ઘઉં, અન્ય અનાજ અને કઠોરના ઉત્પાદનમાં વધારો થવાની શક્યતા દેખાઈ રહી છે. કૃષિ મંત્રાલયના મુખ્ય પાકના સંદર્ભમાં ત્રીજા મુખ્ય અંદાજમાં ઉત્પાદન ૨૭.૩૩ કરોડ ટન રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. જ્યારે બીજા મુખ્ય અંદાજમાં ૦.૫૧ ટકા વધારે દર્શાવવામાં આવ્યો છે. આ વર્ષે ઉત્પાદન ૨૦૧૩- ૧૪ના રેકોર્ડ ઉત્પાદનથી પણ ૩.૧૫ ટકા વધારે રહેવાની શક્યતા દેખાઈ રહી છે.

પ્રથમ અંદાજનો આંકડો સપ્ટેમ્બર ૨૦૧૬માં જારી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ફેબ્રુઆરી મહિનામાં બીજો આંકડો જારી કરાયો હતો. ૨૦૧૬-૧૭ના બીજા અંદાજમાં ખાદ્યાન્નનું કુલ ઉત્પાદન ૨૭.૧૯ કરોડ ટન રહેવાનો અંદાજ મુકાયો હતો. કૃષિ મંત્રાલયે કહ્યું છે કે ગયા વર્ષે મોનસૂનના ગાળા દરમ્યાન સારો વરસાદ થવાના પરિણામ સ્વરૂપે અને સરકાર તરફથી પોલિસી હેઠળ કરાયેલા પ્રયાસોના લીધે દેશમાં વર્તમાન વર્ષમાં ખાદ્યાન્ન ઉત્પાદન રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચી શકે છે. સરકારને અનાજનું ઉત્પાદન આ વર્ષમાં ૧૦.૯૧ કરોડ ટન સુધી પહોંચવાનો અંદાજ છે. વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૦.૬૬ કરોડ ટનના અગાઉના રેકોર્ડ ઉત્પાદનના આંકડાને આ આંકડો તોડી દેશે.

ઘઉંનું ઉત્પાદન ૯.૭૪ કરોડ ટન રહી શકે છે. દેશમાં ૨૦૧૩-૧૪માં ઘઉંનું ૯.૫૮ કરોડ ટન ઉત્પાદન થયું હતું. જે હજુ સુધી સૌથી વધુ ઉત્પાદન હતું. ગયા વર્ષે આ આંકડો ૯.૨૨ કરોડ ટન રહ્યો હતો. કઠોળનું ઉત્પાદન ૨.૨૪ કરોડ ટન રહી શકે છે. મંત્રાલયનું કહેવું છે કે ઉત્પાદનમાં વધારો થવા માટે હાલમાં લેવાયેલા અસરકારક પગલાંને જવાબદાર ગણવામાં આવે છે. સરકારને આશા છે કે કોટનનું ઉત્પાદન પણ ૦.૨૨ ટકા વધીને ૩.૨૫ કરોડ બેલ થઈ શકે છે. એક બેલમાં ૧૭૦ કિલોગ્રામ હોય છે. આવી જ રીતે શેરડીનું ઉત્પાદન ૩૦.૬૦ કરોડ ટન રહી શકે છે. ગયા વર્ષે શેરડીનું ઉત્પાદન ૩૪.૮૪ કરોડ ટન રહ્યું હતું. બીજી બાજુ મગફળી, સરસીયા અને સોયાબીન સહિતનું ઉત્પાદન ૩.૨૫ કરોડ ટન રહી શકે છે. બીજા અંદાજથી ૩.૨ ટકાનો ઘટાડો આમાં રહેવાનો અંદાજ છે. અલબત્ત ગયા વર્ષની સરખામણીમાં ઉત્પાદનમાં વધારો થઈ શકે છે. રેકોર્ડ સ્તર ઉપર અનાજ ઉત્પાદનનો આંકડો પહોંચવાની આશા વ્યક્ત કરવામાં આવ્યા બાદ ઘઉં સહિત અનાજની કિંમતમાં કોઈ વધારે ફેરફાર થવાની શક્યતા દેખાઈ રહી નથી.

**ભૂગર્ભ જળ સંશોધન**
**ખેતરમાં કૂવો-બોર કરતા પહેલા**
વૈજ્ઞાનિક પદ્ધતિએ ઈલેક્ટ્રોનીક કમ્પ્યુટરાઈઝડ મીટરથી જગ્યા નક્કી કરી શકાય.
રતીલાલ સુદાણી, આણંદ
ફોન નં. - ૦૨૬૯૨ - ૨૬૩૬૧૧
મો. ૯૪૨૭૩૮૨૩૬૮, ૯૯૭૮૧૧૫૯૬૮

તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ, માલિક-મુદ્રક-પ્રકાશક-કિસાન સંદેશ, પ્રકાશન ટ્રસ્ટ, ગુ.પ્ર. વતી, કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી., સે. ૨૮, ગાંધીનગરથી છપાવી બલરામ મંદિર પરિસર, સે. ૧૨/ડી, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.